


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

પાના ૮ કિંમત છુટક નકલ રૂ.૩-૦૦
તા.૩૦-૦૭-૨૦૨૪ મંગળવાર

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૧,૯૯૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૯-૦૭-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ અષાઢ વદ ૧૦ વર્ષ : ૨૮ અંક ૨૯૯

### અમરેલી પાલિકા દ્વારા કલેક્ટરશ્રીનાં આદેશને પગલે પોલીસ બંદોબસ્ત સાથે

# અમરેલીની જીઆઇડીસી માટેનાં માર્ગ ઉપર ડીમોલીશન

### જીઆઇડીસી માટે ભારે વાહનો ચાલવાનો માર્ગ બંધ થઇ જતા જેસીબી, ટ્રેક્ટર અને કર્મચારીઓ દ્વારા રોડ સાઇડ નડતરરૂપ દબાણો દુર કરાવાયાં

### જીઆઇડીસીનાં વાહનોને સ્થાનિક લોકોએ અટકાવ્યા બાદ તંત્ર દ્વારા ઉકેલ લાવવા માટે દબાણ હટાવ ઝુંબેશથી સમસ્યા ઉકેલવાનો પ્રારંભ



અમરેલી,

હાલમાં જ જીઆઈડીસીમાંથી મોટા વાહનો હનુમાનપરામાંથીપસારથતારોડસાંકડો હોવાનાં કારણે તેમજ સ્કુલો આવેલ હોવાથી હનુમાનપરાનાં રહીશો દ્વારા જીઆઈડીસીમાં આવતા જતા મોટા વાહનોનાંપ્રશ્નો ચક્કાજામ કર્યુ હતુંઅને જીઆઈડીસીનાં ઉદ્યોગકારો અને

(અનુ. પાના નં.૭)

## વરસાદમાં અમરેલી ટ્રાફીક પોલીસ સજ્જ



હાલમાં વરસાદી વાતાવરણમાં હાઈવે ઉપર કોઈ મુશ્કેલી ન સર્જાય તેના માટે અમરેલી જિલ્લાના હાઈવે ઉપર જિલ્લા ટ્રાફીક શાખા દ્વારા સતત દેખરેખ રખાઈ રહી છે ઉપરની તસવીરમાં રાજકોટ હાઈવે ઉપર અમરેલી જિલ્લા ટ્રાફીક પોલીસના શ્રી ગોવિંદભાઈ પરમાર, શ્રી શૈલેશભાઈ અમરેલીયા, શ્રી મહમદભાઈ ઉનડ અને શ્રી વનરાજભાઈ વાળા સહિતની ટીમ સતર્ક જોવા મળી હતી.

## અમરેલી જિલ્લાનાં વતની શ્રી કિશોરભાઇ કોલડીયાની પુત્રીએ ગોલ્ડ મેડલ જીત્યો

### ડીસ્ક થ્રો અને ક્લબ થ્રોમાં ગોલ્ડ મેડલ મેળવી ગૌરવ વધાર્યુ



અમરેલી,

ગુજરાતના અમરેલી જિલ્લાની કિશોરભાઈ કોલડિયાની ૧૯ વર્ષીય પુત્રી કે જેનું ૧૬.૧૧.૨૦૨૦ના રોજ જ્યારે તે ૧૬ વર્ષની હતી ત્યારે એક અકસ્માતમાં વિકલાંગ બની ગય હતી અને તે અકસ્માત માં તેનું આખું ફેમિલી હતું, જેમાં તેના મમ્મી પપ્પા ને પણ ઈજા થય હતી. રાજકોટ ઓપરેશન થયા બાદ તે કચ્છ માં આવેલી બિદડા સર્વોદય ટ્રસ્ટ માં ફીસીઓથેરાપિસ્ટ અશોક સર ત્રિવેદીની કસરત અને ત્યાંના ચેરમેન અને ટ્રસ્ટીના માર્ગદર્શન બાદ અશોક સરની તાલીમ હેઠળ તેણે પેરા સ્પોર્ટ્સમાં રસ દાખવ્યો.

તેના મમ્મી પપ્પા, પૂરી ફેમિલી અને સર્વોદય ટ્રસ્ટ ના સહકારના લીધે તેણે ઘણી અને રાષ્ટ્રીય કક્ષાએ ભાગ પણ લીધો હતો અને ૩ વર્ષ બાદ ૧૫ થી ૧૭ જુલાઈ ૨૦૨૪ ના રોજ ૧૩ મી જુનિયર અને સબ જુનિયર નેશનલ પેરા એથલેટિક ચેમ્પિયનશિપ કે જે બેંગલોર માંયોજાઈ હતી જેમાં ભારતના બધા રાજ્યનાં ખેલાડીઓ આવી ભાગ લીધો હતો. તેમાં એફ૫૧ કેટેગરીમાં ડિસ્ક થ્રો અને ક્લબ થ્રો બંને માં ગોલ્ડ મેડલ જીત્યા છે.

### તાજેતરનાં વરસાદ બાદ

## બગસરામાં ગોકુલધામ સોસાયટીમાં પાણીનો નિકાલ ન થતાં મહિલાઓ દ્વારા ઘેરાવ કરાયો

### સ્વામિ મંદીર પાસે આવેલ ગોકુલધામ સોસાયટીમાં રસ્તા ઉપર ગોઠણ ડૂબ પાણીમાંથી પસાર થવા રહીશો મજબૂર થઈને પાલિકા કચેરી ખાતે થાળીઓ વગાડી કર્યો વીરોધ

બગસરા, (સમીર વિરાણી)

સ્વામિ મંદિર ની સામે આવેલી સોસાયટી ગોકુલધામ તેમજ મરૂતિનગર ના રહીશો દ્વારા આજે પાલિકા



કચેરી ખાતે ઘેરાવ કરેલ હતો અને મહિલાઓ દ્વારા પાલિકા કચેરીની બહાર ઊભા રહીને અમારો રસ્તો બનાવો અને પાણીનો નિકાલ તેવા સૂત્રોચ્ચાર કર્યા અને સાથો સાથ થાળીઓ વગાડી નિર્ભર તંત્રને જગાડવા એક નવતર અભિગમ અપનાવ્યો. જ્યારે પાલિકાના સત્તાધીશો દ્વારા આના ઉપર તત્કાલ કાર્યવાહિ હાથમાં લેવા મજબૂર બન્યાં હતાં અને સત્તાધીશો દ્વારા સ્થળ તપાસ પણ કરવા દોડી ગયા હતા.તો શું આવી જ રીતે આ અઘોર તંત્રને જગાડવાનું. આ વરસાદના લીધે પુષ્કળ પ્રમાણમાં

(અનુ. પાના નં.૪)
























## અમરેલી શ્રી વિસાશ્રીમાળી વણીક સોની સમાજ દ્વારા

# અમરેલીમાં સરસ્વતી વંદના સમારોહ યોજાશે

### શ્રી વિસાશ્રીમાળી વણીક સોની સમાજ દ્વારા રાસગરબા તથા કારાઓકે ગીત સંગીતનો કાર્યક્રમ અને જ્ઞાતીભોજન સહિતનું ભવ્ય આયોજન

### અમરેલી યુવા ગૃપ અને વાઘેશ્વરી ધુન મંડળ દ્વારા સમુહ જ્ઞાતીભોજન અને તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે : બ્લડ ગૃપ ચેકીંગ કેમ્પનું આયોજન

અમરેલી,અમરેલી શ્રી વિસાશ્રીમાળી વણીક સોની જ્ઞાતી ઉત્કર્ષ ટ્રસ્ટ અમરેલી વિસાશ્રીમાળી સોની યુવા ગૃપ, વાઘેશ્વરી ધુનમંડળદ્વારાતા.૪-૮રવિવારનાંસાંજનાં ૪ કલાકે હનુમાનપરા મેઈન રોડ, કડવા પટેલ સમાજની વાડીમાં સરસ્વતી વંદનાં સમારોહ તેમજ સમુહજ્ઞાતી ભોજનનું આયોજન કરવામાં આવેલ છે. જ્ઞાતી સમાજનાંતેજસ્વીતારલાઓનેસન્માનીત કરવા તથા પ્રોત્સાહીત કરવા જ્ઞાતીજનોને ઉપસ્થિત રહેવા જણાવેલ છે. કાર્યક્રમ પુરો થયા બાદ રાસગરબા તથા કારાઓકે ગીત સંગીતનો કાર્યક્રમ પણ રાખેલ છે. આ કાર્યક્રમમાંબ્લડ ગૃપ ચેક કરવા માટેનો કેમ્પ રાખવામાં આવ્યો છે તો તેનો જ્ઞાતીજનોને લાભ લેવા જણાવેલ છે.

# અમરેલી જિલ્લા સારસ્વત કોળી કર્મચારી શરાફી સહકારી મંડળી દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

### જિલ્લાભરનાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું : સામાન્ય સભા યોજાઇ



અમરેલી,

અમરેલી જિલ્લા સારસ્વત કોળી કર્મચારી શરાફી સહકારી મંડળી દ્વારા અમરેલીમાં ત્રિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જિલ્લા ભરના તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ કરોબારીમિટિંગતેમજસામાન્યસભાનું આયોજનકરવામાંઆવેલહતું.આજના શુભ પ્રસંગે અખિલ ભારતીય ગુજરાત રાજ્યકર્મચારીમંડળનાપ્રમુખરાજુભાઈ વંશ ખાસ ઉપસ્થિત રહેલ હતા.આ તકે તેમણેઅમરેલીજિલ્લાઅખિલભારતીય કર્મચારી મંડળ ના પ્રમુખ તરીકે પ્રવીણભાઈ બારૈયા ની નિમણુંક કરેલ હતી.કોળી શિક્ષણના વ્યાપ અને સમાજમા રહેલા કુરિવાજો ને તિલાંજલિ આપવાના અને સમાજને સંગઠિત કરવાના શુભ આશય સાથે અમરેલીમાં શ્યામ વાડી લીલીયા રોડ ખાતે તા.૨૮ જુલાઈ ના રોજ અખિલ ભારતીય ગુજરાતરાજ્યકર્મચારીમંડળનાપ્રમુખ શ્રી રાજુભાઈ વંશ ના અધ્યક્ષ સ્થાને શ્રી અમરેલીજિલ્લાસારસ્વતકોળીકર્મચારી સહકારીમંડળીદ્વારા કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. શિક્ષણ ક્ષેત્રે પછાત અને અંધશ્રદ્ધામાં આગળ એવા સમસ્ત કોળી સમાજમા બુદ્ધિજીવી વર્ગ દ્વારા જે વાડા પાડવામાં આવેલ છે.તે વાડા ને વીખી સમસ્તકોળીસમાજમાસંગઠનમજબૂત બનાવી ફક્ત શિક્ષણના વ્યાપની તાતી જરૂરિયાત ઉપર ભાર મુકવામાં આવેલ હતો. આજના કાર્યક્રમ મા ધોરણ ૫ થી ૧૨ સુધીના તારલા ઓનું સન્માન કરી વાલીઓ અને વિશ્યાર્થીઓમાં શિક્ષણ અંગે જાગૃતતાનો સંદેશો આપવામાં આવેલ હતો.

આજના કાર્યક્રમ મા સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં બિન હરીફ થયેલા સેનેટ સભ્ય અને ગુજરાત માધ્યમિક સૈશિક સંઘ ના અમરેલી જિલ્લાના પ્રમુખ તરીકે જાહેરથયેલાબંસીધરહાઈસ્કૂલનાશિક્ષક ભરતભાઈ મકવાણા નું મંડળી વતી પ્રમુખ પ્રવીણભાઈ બારૈયા ઉપ અલ્પેશભાઈ ડોડીયા દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન મંડળીના આશિષભાઈ મકવાણા ધ્રુવેશભાઈ મકવાણા જયેશ જિંજરીયા વિજયભાઈ મકવાણા પરેશભાઈ ચાવડાદ્વારા કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમ ના મુખ્ય દાતા હિલ્ટોનઈન્ફોટેકના શશીકાંતશંભુભાઈ સોલંકી રહેલ હતા.

## અમરેલી જિલ્લા અચાર્ય સંઘના મહામંત્રી અને પુર્વ માધ્ય. શિક્ષક સંઘના પ્રમુખ એવા

# શ્રી મુકુંદ મહેતાની ફિ અધિનિયમ કમિટીના સભ્યપદે વરણી

### એફઆરસી રાજકોટ ઝોનના સભ્યપદે રાજયસરકાર દ્વારા નિમણુંક કરાઇ



અમરેલી,

અમરેલી જિલ્લા આચાર્ય સંઘના મહામંત્રીઅનેપુર્વમાધ્યમિકશિક્ષક સંઘના પ્રમુખ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પુર્વ સેનેટ મેમ્બર તથા અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ અને જનતા વિદ્યાલય વડેરાના પ્રિન્સીપાલ શ્રી મુકુંદભાઈ મહેતાની ફિ અધિનિયમ કમિટી(એફઆરસી) રાજકોટ ઝોનના સભ્ય પદે રાજય સરકાર દ્વારા ગૌરવ પદ નિમણુંક કરવામાં આવી છે.

આ કમિટીમાં ફિ નિયમન સમિતી રાજકોટ ઝોન માટે અધ્યક્ષ પદે નિવૃત ડિસ્ટ્રીકટ જજ શ્રીમતી પી.જે. અગ્રાવત તથા સભ્ય તરીકે પ્રભુભાઈ કરશનભાઈ સિંધવ, પ્રવિણભાઈ એલ. વસાણીયા અને હાર્દિક હર્ષદભાઈ વ્યાસ તથા અમરેલી મુકુંદભાઈ ચંદુલાલ મહેતાની ત્રણ વર્ષ માટે નિમણુંક કરવામાં આવી છે. તેમ શિક્ષણ વિભાગના નાયબ સચિવ હિતેષ પી. ગોહિલે જણાવ્યું છે. કુલ ચાર ઝોનમાં ફિ નિયમન સમિતીની રચના થઈ છે જેમાં ગુજરાત સેલ્ફ ફાયનાન્સ સ્કુલની જોગવાયો તથા સુપ્રીમ કોર્ટના આદેશો અનુસાર વનચાણે લીધેલા ઠરાવ વિગેરે ધ્યાને લઈ મળેલ બેઠકમાં વરણી થયાનું જાણવા મળ્યું છે.

# અમરેલીમાં એઆઇજીડીએસયુનું દ્વિવર્ષીય અધિવેશન યોજાયું

### શ્રી મનિષભાઇ વડીયા, શ્રી રામભાઇ પ્રજાપતિ, શ્રી પિંકલકુમાર દુબેની ઉપસ્થિતી



બાબાપુર, (હસમુખ રાવળ)

અમરેલીના આર.કે.હોલમાં AIGDSU નું દ્વિવર્ષીય અધિવેશન ગુજરાત સર્કલના સેક્રેટરીશ્રી મનીષભાઈ વડિયા,પ્રમુખશ્રી રામભાઈ પ્રજાપતિ અને CHQ નવી દિલ્હીના પિંકલકુમાર દુબેની હાજરીમાં યોજાઈ ગયું. જેમાં પ્રમુખશ્રી જનકભાઈ દવે,સેક્રેટરીશ્રી બટુકભાઈ ગોસાઈ અને કે.કે.મહેતાની બિનહરીફવરણી કરવામાં આવી હતી.

# અમરેલી જવાહર નવોદય વિદ્યાલયમાં ધો. ૫ માં પ્રવેશ અપાશે

### પ્રવેશ માટે ઓનલાઇન ફોર્મ નિયત મુદતમાં ભરી દેવા અનુરોધ કરાયો

અમરેલી,

જવાહર નવોદયવિદ્યાલય, મોટા ભંડારિયા, અમરેલીના આચાર્યશ્રીની યાદી જણાવે છે કે, ધોરણ ૫ માં પ્રવેશ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરવાની શુભારંભ થઈ ગયો છે જ.ન.વિ. પ્રવેશ પરીક્ષા ૨૦૨૫-૨૬,ધોરણ-૫ માટેઓનલાઈનફોર્મ ભરાઈ રહ્યા છે તો લાગતા વળગતા વિદ્યાર્થી, વાલીઓ, માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ, પ્રાથમિકશાળાનાઆચાર્યશ્રીઓતેની નોંધ લેશે. જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા ૨૦૨૫-૨૬ ધોરણ-૫ માટેઓનલાઈનફોર્મ ભરવાની શરૂઆત થઈ ગઈ છે તો નીચેની વિગતોઅનુસાર વિદ્યાર્થીઓ ફોર્મ ભરીશકાશે. વિદ્યાર્થી ધોરણ ૫ માં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ આ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ હોવાથી ઓનલાઈન ફોર્મ ભરી શકે છે. આ સંપૂર્ણ આવાસી વિદ્યાલય છે, તો લાગતા - વળગતા વિદ્યાર્થીઓ, વાલીઓ, આચાર્યશ્રી વિશેષ નોંધ લે તેની નવોદય વિદ્યાલયવિદ્યાલયના આચાર્યશ્રી વિજયકુમાર બોસની યાદી જણાવે છે.

# રાજુલામાં સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રહ્મ સમાજ દ્વારા સન્માન કાર્યક્રમ યોજાયો

### બ્રહ્મ સમાજનાં વિવિધ આગેવાનોની ઉપસ્થિતી



રાજુલા, (કનુભાઈ વરૂ) ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિ રાજુલા દ્વારા તેજસ્વી તારલાઓ અને નિવૃત્ત કર્મચારીઓના સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યું હતું જેમાં શૈક્ષણિક ક્ષેત્ર આગળ વધનાર વિદ્યાર્થીઓને તેમજ સરકારી નોકરીમાંથી નિવૃત થનાર કર્મચારીઓને બિરદાવી અને તેનું સન્માન કરવામાં આવ્યું હતું રાજગોર બ્રહ્મ સમાજ વાડીમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં સન્માન કાર્યક્રમ બાદ ભોજન આયોજન પણ કરવામાં આવ્યું હતું આ તકેમાં સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રહ્મ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તો કે ઘેલાભાઈ ત્રિવેદી જીગ્નેશભાઈ ઉપાદયાય આશિષભાઈ જોશી આકાશભાઈ ત્રિવેદી ચિરાગભાઈ ઉપાદયાય સહિતના ઉપસ્થિત રહ્યા હતા

# રાજેશ ઠક્કર કરાટે એકેડમી મુંબઇ દ્વારા ખંડાલામાં ૮૫ મો કરાટે કેમ્પ યોજાશે

મુંબઈ,

રાજેશ ઠક્કર કરાટે એકેડમી મુબઈ દ્વારા ઝારાસ રિસોર્ટ ખંડાલામાં તા.૧૫ ઓગષ્ટ ૨૦૨૪થી ૧૮ ઓગષ્ટ ૨૦૨૪સુધી ૮૫માં કરાટે કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કરાટે કેમ્પમાં સૌરાષ્ટ્ર, ગુજરાત તેમજ ભારત ભરનાં બ્રાઉન તથા બ્લેક બેલ્ટ ધરાવતા સ્પર્ધકો ભાગ લઈ શકશે. આ કરાટે કેમ્પમાં રાજેશઠક્કર કરાટે એકેડમીનાં ચિફ ઈન્સ્ટ્રક્ટર અને સેનસેઈ રાજેશ એલ ઠક્કર (૭ડેગ્રી બ્લેક બેલ્ટ જાપાન) નાં માર્ગદર્શન હેઠળ કીહોન, ગોજુરીયુકાતા, કાતા એપ્લીકેશન, માકીવારા, સ્પોર્ટસ કરાટે, પુલ ટ્રેનીંગ જેવી રાજ્ય-રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ટૂનામેન્ટ સમકક્ષ તાલીમ આપવામાં આવશે. આ કેમ્પમાં ભાગ લેવા માગતા સ્પર્ધકો તથા કેમ્પ અંગેની વધુ માહિતી માટેમીસવાડીયામો.૯૦૦૪૯૪૪૩૩૩ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

## ઘી ચોક તરીકે ઓળખાતા વિસ્તારમાં

# જાફરાબાદ શહેરમાં કારગિલ શહીદ શ્રદ્ધાંજલિ અર્પણ કાર્યક્રમની સાથે વિજય દિવસ ઉજવાયો

### માનવસેવા મંડળ ટ્રસ્ટ દ્વારા કારગિલ વિજય દિન નિમિતે કાર્યક્રમનું આયોજન કરાયું



જાફરાબાદ, (ફીરોજપઠાણ)

જાફરાબાદ શહેરના ઘી ચોક તરીકે ઓળખાતા બજારમાં ૨૫ મો કારગિલ શહીદ શ્રદ્ધાંજલિ તેમજ વિજય દિવસ ઉજવવામાં આવ્યો જે સ્થળપરથી આરજુ હુકુમત ને હાંકી કાઢવાનો સંકલ્પ સાથે સેનાની સ્વ. કનુભાઈ લહેરી તેમજ સ્વ. સુરગભાઈ વરુ બાપુ તથા સ્વ. છોટુભાઈ મહેતા સાહેબ દ્વારા જાહેર સભા કરવામાં આવેલ એ સ્થળેથી માનવ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા આ કાર્યક્રમમાં આયોજન કરેલ.

રાજાશાહીમાં ચોખ્ખા ઘીના ગાડા ગામડાઓમાંથી ભરાઈ ને આ સ્થળ પર વહેંચવા માટે આવતા તેથી સ્થળનું નામ ઘી ચોક પડ્યું કાર્યક્રમને સફળ બનાવવા માં વેપારી એસોસિએશન હર્ષદભાઈ મહેતા, જયેશભાઈ ઠાકર, કનાભાઈ ક્રિષ્ના શોરૂમ, ભાજપના પૂર્વપ્રમુખ ભરતભાઈ બારૈયા, કિરોટભાઈ જોશી ઉપપ્રમુખ બ્રહ્મ સમાજ, બાબુભાઈ બારૈયા, નિકુંજભાઈ દોશી, પરેશભાઈ ગોસ્વામી, શંકરભાઈ સોલંકી, જીવનભાઈ બારૈયા, કમલેશભાઈ પંડ્યા પત્રકાર ફિરોજ પઠાણ, મહેશભાઈ રાજયગુરુ તેમજ અનેક સંસ્થાઓની ઉપસ્થિતિમાં કારગિલ વિજય દિવસ ઉજવવામાં આવ્યો માનવ સેવા મંડળના પ્રમુખ રમેશભાઈ ચુડાસમા એ જહેમત ઉઠાવી હતી

# અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા ૨૫૦ થી વધુ આપદા મિત્રોને તાલીમ

અમરેલી,ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર-ગાંધીનગરની સૂચના અન્વયે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, કલેકટર અમરેલી દ્વારા ૨૫૦ થી વધુ આપદા મિત્રોને પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં સહયોગી તરીકે એન.ડી.આર.એફ, ફાયર વિભાગ, શાંતાબા મેડિકલ કોલેજ અમરેલી પણ જોડાયા હતા. આપદા મિત્રોને ડિઝાસ્ટરની પરિસ્થિતિમાં શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ?, પ્રાથમિક સારવાર, સી.પી.આર, ફાયર એક્સટીંગ્યુશરનો ઉપયોગ વગેરે જેવા વિવિધ વિષયો પર દ્વારા વિગતો આપી તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, તેમ અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, જિલ્લા પ્રોજેક્ટ ઓફિસરશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

**મકાન વેચવાનું છે**
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી
ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ
બે માળનું મકાન (બંગલો)
મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે
ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
(દલાલ ભાઇઓ આવકાર્ય છે)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

॥ જય મેલડીમાં ॥
૨૦ વર્ષનાં જુના અને જાણીતા
**જય ખોડિયાર વેલ્ડીંગ વર્કસ**
તમામ પ્રકારના ટ્રી ગાર્ડ (પીંજરા) ઓર્ડરથી બનાવી આપીશુ (હોલસેલ અને રીટેઇલ)
આપના બગીચા ફાર્મહાઉસમાં તેમજ ખેતરની આજુબાજુમાં પશુઓથી આપના કિંમતી વૃક્ષનું જતન કરવા માટે આજે જ ટ્રી ગાર્ડ વસાવો
ટ્રી ગાર્ડ ઓર્ડર કરવા માટે સંપર્ક કરો
આશીષ મકવાણા મો.૮૨૦૦૩ ૫૯૧૫૦
જયદીપ મકવાણા મો.૮૨૦૦૩ ૦૯૩૩૨
મુ.પીઠવાજાળ, તા.જિ.અમરેલી

**ભવાની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
A/C તથા NON A/C
ગાડી ભાડે મેળવવા માટે
વ્યાજબી ભાવમાં બ્રાન્ડ ન્યુ
મારૂતી અર્ટીગા (૭ સીટર)
મારૂતી સ્વીફ્ટ ડીઝાયર (૪ સીટર)
સંપર્ક :- ખોડાભાઇ મો.૯૮૨૫૪ ૯૦૫૭૦
લાલભાઇ મો.૯૯૨૪૯ ૯૦૫૭૦

**જગ્યા વેચાણથી આપવાની છે**
બેંક, હોસ્પિટલ, શો-રૂમ લાયક જગ્યા
પહેલો માળ ''અવલકુંજ'' કોમ્પલેક્ષ
જુની કેનેરા બેંકવાળી જગ્યા
સ્થળ : લીલીયા રોડ, પટેલવાડીની સામે, અમરેલી
રસ ધરાવતા વ્યક્તિઓ નીચેના
નંબર પર સંપર્ક કરો
મો.૯૯૨૫૨ ૨૬૬૩૮, ૬૩૫૩૬ ૪૨૪૯૭

A.P.C.C.S
માત્ર ૨૦ જ મીનીટમાં..
ફક્ત ૯.૯૦% ના વાર્ષિક વ્યાજદરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડલોન
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
''પીપલ્સ ભવન'', ફ્રુટ માર્કેટ
પ્રથમ માળ, ઇન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી
સંપર્ક : (૦૨૭૯૨) ૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪

અમરેલીનું ગૌરવ
**હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**દુકાન વેચવાની છે**
અમરેલીમાં એસ.ટી. બસ સ્ટેન્ડની
સામે વ્હાઇટ હાઉસમાં
''હરિધામ ટ્રાવેલ્સ વાળી''
અતિ મોકાની દુકાન વેચવાની છે.
સંપર્ક
મો.૯૪૨૭૨ ૬૧૫૬૧

**બે માળનું મકાન વેચવાનું છે**
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે,
સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

**જય માતાજી પેસ્ટ કંટ્રોલ સર્વિસ**
10
નિયંત્રણ
ઉધઈ
ફક ઈમ્પોર્ટેડ કેમીકલથી ગેરંટી સાથે ઉધઈ ટ્રીટમેન્ટ - હાઈટેક પેસ્ટ કંટ્રોલ સર્વિસ
ઉધઈ-માકડ-વાંદા વગેરે દવા છાંટી આપીશું
અજયભાઈ : ૬૩૫૪૮૬૩૫૦૪/૬૩૫૪૯૮૪૨૬૧

**શાસ્ત્રી અક્ષયભાઇ એચ.જોષી**
રાંદલ કથા - શાંતિ યજ્ઞ (ગ્રહશાંતિ)
માતાજીનો યજ્ઞ (નવચંડી) - વાસ્તુ (કુંભ સ્થાપન)
પીતૃકાર્ય (નારાયણબલી, પ્રેતબલી)
જ્યોતિષ (જન્માક્ષર, લગ્ન મેળાપક) - લગ્નવિધી
વિષ્ણુયાગ (વિષ્ણુસહસ્ત્રના પાઠ, ગીતાજીના પાઠ)
રૂદ્રયાગ (હોમાત્મક લઘુરૂદ્ર) - લક્ષ્મીયાગ (શ્રીસુક્તના પાઠ)
ઉપરોક્ત ધાર્મિક કાર્ય સંપુર્ણ શાસ્ત્રોક્ત વિધીપુર્વક કરાવવા માટે સંપર્ક કરો
સંપર્ક : મો.૮૭૫૮૭ ૩૩૨૦૯

**મકાન વેચવાનું છે**
''જોતા જ ગમી જાય તેવુ''
રોડ ટચ, સંકુલની સામે, ચક્કરગઢ રોડ,
અમરેલી. ફુલ ફર્નિચર, પાર્કિંગ સાથે
(ગેસ,ગટર,પાણી કનેકશન)
2BHK મકાન વેચવાનું છે
સંપર્ક : ૯૪૨૯૩ ૫૧૮૭૮, ૬૩૫૧૧ ૭૦૩૪૦

**અમરેલીમાં મકાન વેચવાનું છે**
લાઠી રોડ, સનફલાવર સ્કુલ પાસે,
નારાયણ નગરમાં, વાત્સલ્ય રેસીડેન્સીમાં,
કોમન પ્લોટ ટચ, પુર્વાભિમુખ,
રોડ ટચ અતિ મોકાનું મકાન બી-૧૬
સસ્તામાં આપી દેવાનું છે
સંપર્ક : માંગરોળિયા પ્રેમલભાઇ વિનુભાઇ
મો.૯૫૫૮૩ ૭૦૪૯૨, ૯૩૭૬૨ ૮૩૦૪૧

### ભારે વરસાદને કારણે થયેલ નુકસાનનીનું વળતર આપવા

# જિલ્લા કિસાન કોંગ્રેસ દ્વારા બગસરામાં મામલતદારને રોષભેર આવેદન પાઠવ્યું

## તાત્કાલિક સર્વે નહીં થાય તો આંદોલનની કરવાની ચિમકી : લોકોમાં ભારે રોષ



બગસરા, (સમીર વિરાણી)

ભારે વરસાદના કારણે થયેલ નુકશાનીનું વળતર આપવા અમરેલી જિલ્લા કિસાન કોંગ્રેસ દ્વારા આવેદન આપવામાં આવ્યું હતું અને તત્કાલ કરી વળતર ચૂકવવા નહિ આવે તો આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી. વિગત અનુસાર બગસરા તાલુકામાં ૨૪ જુલાઈના પડેલ ભારે વરસાદને લીધે ખેતી પાકોને થયેલ નુકસાનનું સર્વે કરી સહાય ચૂકવવા અમરેલી જિલ્લા કોંગ્રેસ દ્વારા આજરોજ મામલતદારને આવેદન પાઠવવામાં આવેલ છે. આવેદનમાં જણાવ્યા મુજબ બગસરા તાલુકામાં એક જ સતત વરસાદને લીધે મગફળી કપાસ સોયાબીન સહિતના પાકોમાં ભારે નુકસાન થયેલ છે.

ખેતરોમાં સતત પાણી ભરાઈ રહેવાથી મોટાભાગનો પાક પીળો પડી ગયેલ છે. અથવા બળી ગયેલ જેના લીધે ખેડૂતોને ફરી વાવણી કરવાની નોબત આવી પડતા ખાતર બિયારણ નો બોજ હેઠળ ખેડૂતો દબાઈ ગયેલ છે. જે અનુસંધાને અમરેલી જિલ્લા કિસાન દ્વારા આજરોજ મામલતદારને આવેદન પાઠવી ધોવાણ (નુકસાન )થયેલ ખેતરોનોનું સર્વે કરી પાંચથી સાત દિવસમાં વળતર ચૂકવવાની માગણી કરેલછે. સાથોસાથ જો કાર્યવાહી કરવામાં ઢીલ થશે તો ના છૂટકે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

### ઝેરમુક્ત ખેતી તથા પ્રદૂષણ મુક્ત પ્રાકૃતિક ખેતીને ઉતેજન

# શ્રી કૌશિક વેકરીયાની મહેનતથી ખેતી પ્રધાન અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો નવો અધ્યાય આલેખાશે

## ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની કોલેજનો અમરેલીના ખેડુત તાલીમ કેન્દ્ર ખાતે પ્રારંભ થશે : ધરતીપુત્રો લાભ લે તેવો અનુરોધ

અમરેલી, (ડેસ્કરિર્પોટર)

ઝેરમુક્ત ખેતી તથા પ્રદૂષણ મુક્ત પ્રાકૃતિક ખેતીને ઉતેજન મળે અને તેની પધ્ધતીસર તાલીમ મળે તેના માટે અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિક વેકરીયાની મહેનતથી ખેતી પ્રધાન અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો નવો અધ્યાય આલેખાશે. ગુજરાત સરકાર દ્વારા ઝેરમુક્ત ખેતી તથા પ્રદૂષણ મુક્ત પ્રાકૃતિક ખેતીને ઉતેજન આપવાના હેતુથી ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની હાલોલ સ્થાપના કરવામાં આવેલ છે. જેમા એક કોલેજ અમરેલીને મળી છે. ઉપરોક્ત બંને નવી કોલેજોમાં ચાલુ વર્ષથી અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે. ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની કોલેજનો અમરેલીના ખેડુત તાલીમ કેન્દ્ર ખાતે પ્રારંભ થશે ધરતીપુત્રો લાભ લે તેના માટે શ્રી કૌશિક વેકરીયાએ અનુરોધ કર્યો છે.

### શ્રીમતી એસ. એચ. ગજેરા કેમ્પસ

# અમરેલીમાં વિદ્યાર્થીઓને હિપેટાઇટિસ વિશે જાગૃત કરવાના ઉદેશથી સેમિનાર યોજાયો

## સેમિનારમાં નિષ્ણાંતો દ્વારા હિપેટાઇટિસ વિશે માર્ગદર્શન



અમરેલી, શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ સ્કૂલના વિદ્યાર્થીઓને હેપેટાઈટિસ વિશે જાગૃત કરવાના ઉદેશથી શાંતાબા જનરલ હોસ્પિટલ દ્વારા વિદ્યાર્થીઓને હિપેટાઈસીસ વાયરસના લક્ષણો શું હોય છે અને કેવી રીતે ફેલાય છે તેમજ તેના ઈલાજ વિશે માહિતી આપી. દર વર્ષે ૨૮જલાઈના રોજ વિશ્વ હિપેટાઈટિસ દિવસ ઉજવવામાં આવેછે. લીવરને લગતા હીપેટાઈટીસ રોગ વિશે લોકોને જાગૃત કરવાના ઉદેશથી હેપેટાઈટિસ ઉજવણી કરવામાં આવેછે. જોકે આ રોગનો ભોગ બનેલા લોકોના લીવરમાં બળતરા સાથે લીવર ખરાબ સ્થિતિમાં બની જાય છે. આ એક ગંભીર અને જીવલેણ રોગ છે, રોગ થવા પાછળના કારણની જો વાત કરીએ તો વાયરલ ઈન્ફેકશનથી થતી આ બીમારી અનેક કારણોને લીધે વકરી શકે છે. જેમાં હેપેટાઈટિસ દૂષિત ખોરાક પાણીના લીધે થાય છે વધુમાં સંક્રમિત વ્યક્તિના ઈન્જેકશનના ઉપયોગથી પણ આ જોખમ વધી શકે. છે તથા ભોગગ્રસ્તના . - લોહીના સંક્રમણમાં આવવાથી પણ આ રોગ વકરી શકે છે લક્ષણોની વાત કરીએ તો હમેશા થાક લાગવો ઉપરાંત ત્વચાનો રંગ પોળો પડવો! તથા આંખોનો સફેદ ભાગ પણ પીળો પડવો, ઉલટી થવી ભૂખ ન લાગવા સહિત અનેક સમસ્યા જાગે છે .આ ઉપરાંત પેટમાં દર્દ તથા સોજો અને માથામાં દુખાવો તથા ચક્કર આવવા તેમજ યુરીનનો રંગ બદલાવો અને અચાનક વજનમાં ઘટાડો નોંધાવો તથા લાંબા સમય સધી તાવ આવવો સહિતના અનેક લક્ષણો જોવા મળે છે .વાયરલ ચેપને કારણે લોકો આ રોગના ભરડામાં આવી હોવાનું તબીબો દવો કરે છે .આ રોગનું જોખમ ઘટાડવા માટે જન્મતાની સાથે જ બાળકને રસી આપવી જોઈએ. જેવી વિશેષ માહિતી આપેલ. શાંતાબા જનરલ હોસ્પિટલમાથી આવેલ ડોક્ટર નિરાલી મેડમ અને સ્ટાફ દ્વારા હેપેટાઈટિસ વિશે માહિતી આપી સેમિનાર લેવામાં આવ્યો હતો.

# રાજુલાથી ચાંચબંદર રૂટની એસટી બસ બંધ કરી દેતા વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી

## પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીષ ડેરે બસ પ્રશ્ને કરેલી ધારદાર રજુઆત

રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા તાલુકાના દરિયા કાંઠે અતિ મહત્વની એસટી બસ શરૂ કરવા માટેની માંગ ઉઠી છે રાજુલાના ભારતીય જનતા પાર્ટીના અગ્રણી પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર દ્વારા રાજુલા એસટી ડેપો મેનેજર અંબરીષ દ્વારા પત્ર લખી રાજુલા ચાંચબંદર રૂટ ચાલુ કરવા રજૂઆતો કરવામાં આવી છે પત્ર લખ્યા પ્રમાણે રાજુલા ડેપોની રાજુલા ચાંચબંદર બસ સવારે અને સાંજના સમયે ચાલુ હતી તેમાં ટ્રાફિક પણ ખુબજ સારા પ્રમાણમાં થતો હોવા છતાં અમે આ બસનો લાભ સૌવથી વધારે વિદ્યાર્થીઓ લેતા હોવા છતાં કોઈ કારણોસર થોડા સમય બંધ કરી દીધેલી છે જેને લીધે સવારના સમયે ખાસ તો વિદ્યાર્થીઓ અને રાજુલા કામે આવતા લોકોને ખુબજ મુશ્કેલી પડે છે.

### એસટીની બસ શરૂ થાય તો દરિયા કાંઠાના ગામોના લોકોને ફાયદો થશે

જેમા દરિયાઈ બેલ્ટના ચાંચબંદર, ખેરા, પટવા, સમઢીયાળા, દાતરડી, વિસળીયા, કથીવદર, વિકટર, પીપાવાવ ધામ, જોલાપુર, નિંગાળા, કડિયાળીના વિદ્યાર્થીઓ અને લોકોને ખુબજ હાલાકીનો સામનો કરવો પડે છે કારણકે આ રૂટ ઉપર બસો તો ઘણી ચાલે છે. પરંતુ લોકલ બસો બહુ ઓછી ચાલતી હોવાથી લોકોને હાડમારીનો સામનો કરવો પડે છે માટે રાજુલા ચાંચબંદર રૂટ ઉપરથી ફરી આ બસ ચાલુ કરાવવામાં આવે તો લોકોને અને વિદ્યાર્થીઓને પણ ફાયદો થાય અને એસટી વિભાગને પણ સારા ટ્રાફિકને લીધે સારી આવક થાય તે માટે પૂર્વ ધારાસભ્ય ડેર દ્વારા પત્ર લખી ભલામણ કરવામાં આવી છે.

# બાબરામાં મહમદ રફીની ૪૪ મી પુણ્યતિથિ નિમિત્તે સ્વરાંજલીનો ભવ્ય કાર્યક્રમ યોજાશે

## એન્જોય ગૃપ દ્વારા ૩૧મી એ ગીત સંગીત સાથે સ્વરાંજલી




બાબરા, (દિપક કનૈયા)

મહાન ગાયક મહમદ રફી સાહેબ ની ૪૪ મી પુણ્યતિથિ નિમિત્તે બાબરા મુકામે એન્જોય ગ્રુપ દ્વારા સ્વરાંજલિ નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે આ કાર્યક્રમ લુહાર જ્ઞાતિની વાડીમાં ૩૧-૭-૨૪ ના રોજ રાત્રિના ૯-૦૦ કલાકે યોજવામાં આવશે. જેમાં બાબરા તેમજ અમરેલીના ઘણા નામી અનામિક કલાકારો મહમદ રફી અને લતા મંગેશકર ના ગીતો રજૂ કરશે. આ કાર્યક્રમ માણવા માટે જાહેર જનતાને એન્જોય ગ્રુપ દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવેલ છે. એન્જોય ગ્રુપ બાબરા એ પ્રથમ કાર્યક્રમ ૧૯૯૩ માં શિવાજી ચોક બાબરા ખાતે અંતાક્ષરી નો કાર્યક્રમ કરેલ હતો. ત્યારથી અત્યાર સુધીમાં દર વર્ષે એકાદ કરતા આજે લગભગ ૩૧ વર્ષ જેવો સમય થયેલ છે. બાબરા તાલુકાની જનતાને વારંવાર મનોરંજન કરાવે છે. ઊગતા કલાકારોને સારું એવું પ્લેટફોર્મ પણ આપે છે. એન્જોય ગ્રુપ ના કાર્યક્રમમાં પૂર્વી દવે ભાગ લેતી હતી. તેની દીકરી માજેલ ફિલ્મની હિરોઈન છે માજલ વ્યાસ ઘણી બધી ટીવી સિરિયલ અને ઘણી બધી ફિલ્મોમાં કરેલ છે. માજેલની મમ્મી પૂર્વે દવે એ એન્જોય ગ્રુપના ઘણા કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આજે મુંબઈમાં તેમની દીકરી ફિલ્મ સ્ટાર બની બોલીવુડમાં કામ કરી રહી છે. એન્જોય ગ્રુપ ઉગતા કલાકરોને નવોદિત કલાકારોને પ્લેટ પૂરું પાડવાનું કામ કરે છે. મહમદ રફી ની આપણી વચ્ચેથી ગયે તેને ૪૪ વર્ષ થવા જઈ છે. આ મહાન ગાયક એ માત્ર ભારતમાં જ નહીં પણ વર્લ્ડના મોટાભાગ ના દેશોમાં કાર્યક્રમો આપી અને દુનિયામાં પોતાનું અને ભારત નું નામ રોશન કર્યુંહતું. આ મહાન ગાયકની પુણ્યતિથિ માત્ર ભારતમાં નહીં આ દુનિયાના ઘણા દેશોમાં ઉજવવામાં આવે છે. બાબરામાં પણ એન્જોય ગ્રુપ દ્વારા ભવ્ય સ્વરાંજલિ નો કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે. એન્જોય ગ્રુપ ના કલાકારો પ્રકાશ પરમાર અમરેલી, હેતાલી પરમાર અમરેલી, શીવા રાઠોડ, જમાલદાદા પરમાર, પુષ્પા ધાધલ ભાવનગર, પી.એલ.મારૂ, સરલા મારૂ, આવા ઘણા કલાકારો કાર્યક્રમમાં આ ભાગ લેવાના છે. જાહેર જનતાને આ કાર્યક્રમ માણવા જાહેર આમંત્રણ આપવામાં આવેલ છે. આ કાર્યક્રમ તારીખ ૩૧-૭-૨૪ ના રોજ રાત્રિના કલાકે યોજવામાં આવશે વરસાદ હશે તો પણ કાર્યક્રમ ચાલુ રાખવામાં આવશે તેવું એન્જોય ગ્રુપ બાબરા દ્વારા જણાવવામાં આવેલ છે.


વી. કે. મોટર્સ



VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE ▮ SPARE ▮ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.



વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com


### જાહેર સમન્સ / નોટીસ

વાદી વકીલશ્રી ડી.આર.નિર્મલ

રાજુલાના મહે.એડિશ્નલ સિનિયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા

રે.દિ.મુ.નં.૩૨૬/૨૦

વાદી : પી.જી.વી.સી.એલ. સબ ડિવીઝન રાજુલા, જી.અમરેલી

વિરૂધ્ધ : પ્રતિવાદી :(૧) ગુજરનાર કડવાભાઇ વેલાભાઇ ચૌહાણના વારસદાર ૧. મનુભાઇ કડવાભાઇ ચૌહાણ ૨.ખીમાભાઇ કડવાભાઇ ચૌહાણ ૩.દાનાભાઇ કડવાભાઇ ચૌહાણ ૪.ગોલણભાઇ કડવાભાઇ ચૌહાણ રહે.ખેરા, તા.રાજુલા, જી.અમરેલી

આથી તમો પ્રતિવાદીને આ સમન્સથી જણાવવામાં આવે છે કે તમારા ઉપર વાદીએ ફરીયાદ કરી છે. માટે તમો પ્રતિવાદીને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તા.૨૩-૮-૨૪ ના રોજ બપોરના ૩:૦૦ કલાકે સદરહુ ફરીયાદના જવાબ આપવા સારૂ આ કોર્ટમાં તમારી જાતે અથવા કાર્યના જે પ્લીડરની મારફત અથવા તેવા બધા સવાલના જવાબ દઇ શકે તેવા કોઇ બીજા શખ્સને તે પ્લીડરની મારફત ને મારફતે હાજર થવુ અને તમારે હાજર થવાનો જે દિવસ મુકરર કર્યા છે. તે એ મુકદમાનો નિકાલ કરવા સારૂ ઠરાવેલો છે. માટે તે દિવસે તમારે તમારા સઘળા સાક્ષીઓ તથા લેખીત પુરાવા જેના ઉપર તમે તમારા બચાવનો આધાર રાખતા હોય તે હાજર કરવાને તૈયાર થઇ રહેવુ. અને તમોને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલ દિવસે તમે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં એ ફરીયાદ સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે.

આજ તા.૩૦-૭-૨૦૨૪ ના રોજ સહી તથા સિક્કા કરવામાં આવે છે.

| તૈયાર કરનાર | તપાસનાર | | અમારા રૂબરૂ |
|---|---|---|---|
| આસીસ્ટન્ટ | શિરસ્તેદાર | કોર્ટનો સિક્કો | રજીસ્ટ્રાર - આર.એસ.જાગસર |
| એસ.વી.વાઘ | જે.વી.રેણુકા | | પ્રિન્સીપાલ સિનિયર સિવીલ કોર્ટ રાજુલા |

### જાહેર સમન્સ / નોટીસ

વાદી વકીલશ્રી ડી.આર.નિર્મલ

રાજુલાના મહે.એડિશ્નલ સિનિયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા

રે.દિ.મુ.નં.૮૬/૨૦૧૭

વાદી : સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા વાવેરા, તા.રાજુલા, જી.અમરેલી

વિરૂધ્ધ : પ્રતિવાદી :(૧) શામજીભાઇ કુરજીભાઇ રાવલ રહે.ખારી, તા.રાજુલા (૨) નાજભાઇ રામજીભાઇ બુધેલા રહે.ખારી, તા.રાજુલા, જી.અમરેલી

આથી તમો પ્રતિવાદીને આ સમન્સથી જણાવવામાં આવે છે કે તમારા ઉપર વાદીએ ફરીયાદ કરી છે. માટે તમો પ્રતિવાદીને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તા.૨૩-૮-૨૪ ના રોજ બપોરના ૩:૦૦ કલાકે સદરહુ ફરીયાદના જવાબ આપવા સારૂ આ કોર્ટમાં તમારી જાતે અથવા કાર્યના જે પ્લીડરની મારફત અથવા તેવા બધા સવાલના જવાબ દઇ શકે તેવા કોઇ બીજા શખ્સને તે પ્લીડરની મારફત ને મારફતે હાજર થવુ અને તમારે હાજર થવાનો જે દિવસ મુકરર કર્યા છે. તે એ મુકદમાનો નિકાલ કરવા સારૂ ઠરાવેલો છે. માટે તે દિવસે તમારે તમારા સઘળા સાક્ષીઓ તથા લેખીત પુરાવા જેના ઉપર તમે તમારા બચાવનો આધાર રાખતા હોય તે હાજર કરવાને તૈયાર થઇ રહેવુ. અને તમોને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલ દિવસે તમે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં એ ફરીયાદ સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે.

આજ તા.૩૦-૭-૨૦૨૪ ના રોજ સહી તથા સિક્કા કરવામાં આવે છે.

| તૈયાર કરનાર | તપાસનાર | | અમારા રૂબરૂ |
|---|---|---|---|
| આસીસ્ટન્ટ | શિરસ્તેદાર | કોર્ટનો સિક્કો | રજીસ્ટ્રાર - આર.એસ.જાગસર |
| એસ.વી.વાઘ | જે.વી.રેણુકા | | પ્રિન્સીપાલ સિનિયર સિવીલ કોર્ટ રાજુલા |


સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ



પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



વોટરકુલર - વોટરડીસ્પેન્સર



૨૪ વર્ષનો બહોળો અનુભવ...
દરેક પ્રકારનાં વોટરકુલર બનાવવા જોવા માટે આજે જ પધારો
તેમજ VOLTAS અને BLUE STAR કંપનીનાં વોટરકુલર અને ડીસ્પેન્સર મળશે
તુલસી રેફ્રીજરેશન
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો.૯૪૨૬૨ ૮૭૦૯૭



AKUMS
Akums Drugs and Pharmaceuticals Limited

LARGEST INDIA FOCUSED CDMO WITH 30% MARKET SHARE+



- 49.23 billion units cumulative formulations manufacturing capacity annually#
- Partnered with 1524 Indian & MNC pharma and wellness companies#
- 4,146 commercialised formulations across 60 dosage forms
- Operating 4 dedicated R&D units with a team of 406 R&D scientists
- Operate 12 manufacturing units along with our subsidiaries#
- Conscious community engagement by providing healthcare, cleanliness, blood donation and education initiatives

Source: Independent Market Research on the Overview of the Global and Indian Contract Development & Manufacturing Organization Industry" dated February 6, 2024 ("F&S Report") | +By value during FY 2024, as per F&S Report | #As of March 31, 2024

Risk Factors: Our manufacturing units and R&D centres are (i) concentrated in Haridwar, Uttarakhand and we are exposed to risks originating from economic, regulatory, political and other changes in this region, including natural disasters; (ii) subject to slowdown or shutdown; and (iii) subject to periodic inspections by regulatory authorities and clients making us subject to regulatory actions which may damage our reputation, and all of which could adversely affect our business, results of operations and financial condition. | Any manufacturing or quality control concerns or our inability to deliver products on a timely basis, or at all, could result in the cancellation of purchase orders, breaches of relevant agreements, and termination of agreements by our clients and distributors, which could adversely affect our business, results of operations, and financial condition. | Our business is dependent on the sale of products to a limited number of clients for a significant portion of our revenues. The loss of such clients or the deterioration of their financial condition could adversely affect our business, results of operations and financial condition. | We export our products to regulated and semi-regulated markets and a failure to comply with the regulatory and other requirements of such markets could adversely affect our business, results of operations, and financial condition. | The F&S Report and the data included therein is subject to various limitations as it is based on certain assumptions and conditions that are subjective in nature.

AKUMS DRUGS AND PHARMACEUTICALS LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its equity shares of face value of ₹ 2 each ("Equity Shares") and has filed the red herring prospectus dated July 24, 2024 ("RHP") with the Registar of Companies, Delhi and Haryana at New Delhi ("RoC"). The RHP shall be made available on the website of SEBI at www.sebi.gov.in, the websites of the Stock Exchanges i.e., BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and the websites of the BRLMs, i.e., ICICI Securities Limited, Axis Capital Limited, Citigroup Global Markets India Private Limited and Ambit Private Limited at www.icicisecurities.com, www.axiscapital.co.in, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm and www.ambit.co, respectively. Potential Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section titled "Risk Factors" on page 28 of the RHP. Potential Bidders may rely on the information disclosed in the RHP as being true and correct.
This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (i) within the United States solely to persons who are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the Securities Act) pursuant to Section 4(a) of the Securities Act, or (ii) outside the United States in "offshore transactions" as defined in and in compliance with Regulation S under the Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur. There will be no public offering of the Equity Shares in the United States.
Adfactors

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૩૦-૦૭-૨૦૨૪ મંગળવાર

# વરસાદમાં નદીઓ લાખો શહેરી નાગરિકોના ઘર ઘરમાં પ્રવેશી ગઈ છે એ ગંભીર સંકેત છે

આપણા રાજ્યના એક પણ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે એના શહેરના ભૂસ્તરનો નકશો નથી. જે નકશો છે તે ભૂગોળનો છે. દર વખતે જ્યારે વરસાદ આવે છે અને ઘૂઘવાટા કરતા પાણી ચોતરફથી પ્રવેશે છે ત્યારે મહાપાલિકાની ટીકા કરવાની શરૂ થાય છે. વાસ્તવિકતા એ છે કે શહેરમાં વરસાદી દિવસોમાં વ્યવસ્થાતંત્ર સંભાળવું એ હવે પાલિકાઓના કાબૂ બહાર ની વાત છે. ગુજરાતના તમામ શહેરોમાં મહાપાલિકામાં જે કોઈ પણ રાજકીય પક્ષનું શાસન હોય તેમણે દાયકાઓથી બિલ્ડર લોબી સાથે સદાય દોસ્તી નિભાવી છે. એને કારણે હવે એના ભીષણ પરિણામોની શરૂઆત થઈ ગઈ.

પાણીના કુદરતી પ્રવાહોની નોંધ લીધા વિના અને પૂરતી જાણકારી વિના મ્યુનિસિપલ કોર્પોરેશન અને શહેરી વિકાસ સત્તા મંડળ, બંનેએ ધમધોકાર મંજૂરીઓ આપી છે. ઉદાહરણ તરીકે અમદાવાદનું વસ્ત્રાપુર તળાવ ઉપર જ રચાયેલું ઉપનગર છે, એ ગમે ત્યારે અડધી રાતે પણ પાણીમાં ગરકાવ થઈ શકે છે. કારણ કે આસપાસના સો કિલોમીટરના વિસ્તારમાં ઢાળ વસ્ત્રાપુર તરફનો જ છે જે ભૂસ્તરીય હોવાથી એમ કંઈ સગી આંખે જોઈ શકાતો નથી.

વડોદરામાં વિશ્વામિત્રી નદીના પાણી શહેર પર ફરી વળ્યા એના કારણો ખરેખર જો તપાસવા હોય તો વડોદરા શહેરની બહારના વિસ્તારોમાં આજકાલ જે બાંધકામ ચાલે છે એના પર નજર નાંખો તો ખ્યાલ આવે ! વડોદરા શહેરની ઈસનપુર જેવી અનેક કાંસ નીકળે છે અને આ કાંસ જ જળ પ્રલયથી શહેરને બચાવનારી હોય છે.

ગામડાઓમાં પાણીના વોંકળા હોય છે. ભારત સરકારના રાષ્ટ્રીય ધોરિમાર્ગના બાંધકામની એક કડક આચાર સંહિતા છે કે ચારફૂટ જેટલો પહોળો પ્રવાહ પણ જ્યાં વહેતો હોય ત્યાં ગરનાળા કે પુલ બાંધવા પરંતુ એનું માટીથી કદી કરવું નહિ. વડોદરા શહેરના પાણીનો નિકાલ કરવા માટેની કોર્પોરેશને બનાવેલી અને કુદરતી રીતે બનેલી એવી જે વિવિધ કાંસ હોય છે તે વરસોવરસ કૌભાંડકારી પ્રવૃત્તિઓથી પુરાતી આવી છે. વડોદરા શહેરના બાહ્ય વિસ્તારોમાં જ્યાં કાંસ હતી ત્યાં બિલ્ડરોએ માટીના પુરાણ કરેલા છે અને એના પર વિશાળ બાંધકામ પ્રોજેક્ટ મુકેલા છે.

વડોદરામાં બંધાયેલા સંખ્યાબંધ પ્રોજેક્ટ એવા છે કે જે ભવિષ્યમાં પણ ચોમાસામાં સંપૂર્ણ સલામત નીવડવાના નથી. અગાઉ વિશ્વામિત્રી નદી વડોદરા શહેરના કિનારાના વિસ્તારોને ભીંજવીને પસાર થઈ જતી હતી, પરંતુ નદીને પસાર થવા માટેના અને એની ક્ષમતા કરતા વધારાના પાણીને ઉપપ્રવાહોમાં વાળવા માટેના જે માર્ગો હતા તે બધા પર લાખો ટન પુરાણ કરીને પ્રોજેક્ટ મુકવામાં આવેલા છે. આજે પણ કોઈ વડોદરાના બાહ્ય વિસ્તારોનો પ્રવાસ કરે તો એને બહુ આસાનીથી કોઈને કોઈ કાંસના પુરાણનું ચાલુ કામ નજરોનજર જોવા મળે એમ છે. આપણા રાજનેતાઓ અને સરકારી એન્જિનિયરોએ ભવિષ્યનો વિચાર કર્યા વિના લક્ષ્મીના દાસ બનીને જે કૌભાંડો આચર્યા છે એણે વીરક્ષેત્ર ગણાતા વડોદરા સુંદર શહેરનું નિકંદન કાઢી નાખ્યું છે.

માત્ર ગુજરાતના જ નહીં પરંતુ દેશના કેટલાક સુંદર સિટી પ્લાનિંગ ધરાવતા રાજવી શહેરોમાં વડોદરાનું નામ છે. આ નામને ભૂંસવા માટે વડોદરાના સત્તાધિકારીઓ ઘણા વર્ષોથી પાછળ પડેલા છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડ પાસે અનેક વિદ્યાઓની યોગ્યતા હતી. તેઓ રાત્રિસભાના શોખીન હતા. લગભગ દરરોજ રાત્રે તેઓ સાથે ગોષ્ઠી કરતા અને તેમાં સતત પ્રજાની સુખાકારીની ચિંતા કરતા. વડોદરા શહેરના આધુનિકરણ માટે તેમણે તત્કાલીન ભારતીય અને બ્રિટિશ સ્થપતિઓની સેવાઓ લીધી હતી.

ઉપરાંત તેમની પોતાની પણ આગવી દ્રષ્ટિનો વડોદરાને લાભ મળ્યો છે. એ વડોદરા શહેર વિશ્વામિત્રી નદીના પ્રલયકારી જળ સામે નિઃસહાય જોવા મળ્યું અને શહેરની મહાપાલિકાએ નગરજનોને ભગવાન છોડી દીધા. જે પરિસ્થિતિ આજવા અને વિશ્વામિત્રી નદીને કારણે થઈ એવી જ પરિસ્થિતિ ગુજરાતના કે દેશના કોઈપણ શહેરમાં થઈ શકે છે. કારણ કે નદીઓને ઊંડી કરવાનું કામ કોઈએ કર્યું નથી. નદીઓ સતત ઉંચી આવતી રહી છે. એટલે વધારે પડતા પાણીનું વહન કરવાની ક્ષમતા આજે તો ગુજરાતની મોટા ભાગની નદીઓમાં નથી.

હવામાન હવે મોસમી કે પ્રાસંગિક વિષય રહ્યો નથી. દુનિયાભરમાં અતિ મહત્ત્વની બાબતોમાં અગ્રતાક્રમે હવામાન છે. જે સરકારો પાસે જળવાયુ પરિવર્તનને સમજવા માટેનું અને તેના આધારે આગોતરા પગલાં લેવાનું વ્યવસ્થાતંત્ર ન હોય એની પ્રજાએ વારંવાર વિનાશક પરિસ્થિતિનો સામનો કરવાનો આવશે. જેની શરૂઆત આપણા દેશમાં થઈ ગઈ છે અને હવે પ્રવાહમાં ગુજરાતમાં પણ આ વખતે અનેક ઘટનાઓ નોંધાઈ છે. રાજ્યના અન્ય શહેરોમાં પણ આ વખતે નદીઓએ તો પ્રવેશ કર્યો ન હતો તો પણ પાણીને જવા માટેની જગ્યા જ ક્યાંય હોતી નથી.

વરસાદી પાણીના નિકાલ માટે કે સંગ્રહ માટે અલગ તંત્રની દરેક મોટા શહેરોને જરૂર છે. મહાપાલિકાના કર્મચારીઓ અને અધિકારીઓ છે ખરા પરંતુ તેઓનામાં કુદરતના ક્રમને સમજવાની તૈયારી નથી એટલે તેઓ પાછા પડે છે અને નાગરિકો સંકટમાં મૂકાય છે. જેને પ્રિ-મોન્સૂન કામગીરી કહેવાય છે એમાં તો ગુજરાતની તમામ મહાપાલિકાઓ એક સમાન પંગુતા ધરાવે છે. વરસાદનો ખરો આનંદ આયોજન અને વ્યવસ્થાતંત્ર વિના પ્રજા માણી શકે એમ નથી કારણ કે શહેર શહેર છે કોઈ પહાડની તળેટીમાં વસેલું રમણીય ગ્રામજગત નથી.

# અમરેલી શ્રી ઉમા ક્રેડિટ સોસાયટીના ચેક રિર્ટનના કેસમાં આરોપીને બે વર્ષની સજા

## રૂા.૪,૦૬,૯૦૦ ૯ટકાના ચક્રવૃધ્ધી વ્યાજ સાથે મંડળીને ચુકવવા હુકમ

અમરેલી,તાજેતરમાં શ્રી ઉમા કેડીટ કો.ઓ.સો.લી. શાખા-અમરેલી પાસેથી રૂા. ૩,૦૦,૦૦૦/-નુંધિરાણલઈ છુમંતર થયેલા ધારપરા, બાબરામાં રહેતા નરેશભાઈ વામજાએ મંડળીને બાકી લ્હેણાની રકમ રૂા.૪,૦૬,૯૦૦/-વસુલ આપવા કોર્ટમાંઆપેલ ચેકપરત(બાઉન્સ) થતાં મંડળીનાં મેનેજરશ્રી કેતનભાઈ હસમુખભાઈ જાનીએ અમરેલી ચીફ કોર્ટમાંફોજદારીકેસદાખલકરતાંપુરાવાના અંતે અમરેલીના મહે.શ્રી બીજા એડી. સીનીયર સીવીલ જજ અને એડી.ચીફ. જયુ.મેજી.સા.શ્રી ઓઝા તરફથી આરોપીને બે વર્ષની કેદની સજા તથા રૂા.૪,૦૬,૯૦૦/- ફરીયાદની ૯% ના ચક્રવૃધ્ધી વ્યાજ સહિત ચુકવવા હુકમ કરેલ છે. ચેકની રકમ આરોપી ન ભરે તો વધુ ૪ માસની જેલ ભોગવવાનો હુકમ કરેલ છે. અને મંડળીના વકીલ તરીકે અમરેલીના સીનીયર ધારાશાસ્ત્રીશ્રી એ.સી.વરીયા રોકાયેલા હતા. તેમજ તેઓના અનુગામી મહિલા ધારાશાસ્ત્રીશ્રી ઉર્વીશા ગીરીશભાઈ સાકરિયાની મહેનત રંગ લાવી અને કાયદાની કાનુની રજુઆત કોર્ટે સજા અને વળતરનો હુકમ કરતાં મંડળીના બાકીદારોમાં ફફડાટ ફેલાવા પામેલ છે તેવું મંડળીની યાદી તરફથી જાણવા મળ્યુ છે.

## ગ્રહોની ચાલ





રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૩૦.૭.૨૦૨૪ મંગળવાર ,સંવંત ૨૦૮૦ અષાઢ વદ દશમ , કૃત્તિકા નક્ષત્ર , વૃદ્ધિ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃષભ (બ,વ,ઉ) રહેશે.

### જ્યોતિષશાસ્ત્રમાં પ્રશ્ન વિશેષ મહત્વ છે

જ્યોતિષશાસ્ત્રમાં પ્રશ્ન કુંડળીનું વિશેષ મહત્વછે, જયારે કોઈ પ્રશ્ન કરવામાંઆવે ત્યારે તે સમયમાં ગ્રહોને આધારે જ્યોતિષવિદ કુંડળી તૈયાર કરી જવાબ આપતા હોય છે અને તેને સંલગ્ન અનેક પદ્ધતિઓ વિકાસ પામી છે તેમાંની એક પદ્ધતિ મેં વર્ષોથી અનુભવી છે જે પ્રશ્નના સટીક પરિણામ આપે છે આ પ્રશ્ન સમયે ઘડિયાળમાં જોઈ તેનો સેકન્ડ કાટો, મિનિટ કાટો અને કલાક નો કાટો ક્યાં છે તે નોંધવાનું હોય છે! જન્મકુંડળીમાં જેમ બાર ભાવ હોય છે તેમ ઘડિયાળમાં એક થી ૧૨ કલાક અંકિત હોય છે તેમાં ત્રણે કાંટા અનુક્રમે ક્યાં છે તેના આધારે ક્યાં ક્યાં સ્થાન પ્રબળ બને છે તે છે અને તેના આધારે પ્રશ્નનો જવાબ દઈ શકાય છે વળી



આ ત્રણ ભાવમાં ગોચરમાં કોઈ ગ્રહો પડેલા હોય તો તે મૂકીને વધુ સારી રીતે જવાબ આપી શકાય છે જેમ કે એક સજ્જન મારી પાસે આવ્યા અને તેમના પ્રમોશન અંગે પ્રશ્ન કર્યો ત્યારે ઘડિયાળમાં સાંજે ૫ ને ૧૦ મિનિટ અને સેકન્ડ થઇ હતી! એટલકે ખાનું ૭ , ખાનું ૨ અને ખાનું ૫ સક્રિય બન્યા વળી એ સમયે સૂર્ય ખાના ૫ માં હતો જેથી જાહેરજીવન સારું બને, આર્થિક લાભ થાય અને સત્તા મળે આ ત્રણ બાબતો સ્પષ્ટ બનતી હતી જેથી મેં તેમને બહુ જલ્દી પ્રમોશન મળશે તેમ જણાવ્યું અને બે ટૂંકા ગાળામાં તેમનું પ્રમોશન આવ્યું!! મારા વર્ષોના જ્યોતિષ અનુભવમાં આ પદ્ધતિ સારું કામ કરતી જોવા મળી છે.

મેષ (અ,લ,ઈ) : જીવનમાં યોગ્ય વિચારપધ્ધતિથી આગળ વધી શકો, તમારા યોગ્ય વાણી વર્તનથી લાભ મેળવી શકો,પ્રગતિકારક દિવસ રહે.
વૃષભ (બ,વ,ઉ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,યશ પ્રાપ્ત થાય, તમારા પ્રતિભાવ અને કાર્યની સરાહના થાય.
મિથુન (ક,છ,ઘ) : વાદ વિવાદ થી દૂર રહેવું, જામીનગીરી ના કરવા સલાહ છે. અન્ય માટે વિશેષ દોડધામ રહે, મધ્યમ દિવસ.
કર્ક (ડ,હ) : સગા સ્નેહી મિત્રો થી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, કેટલીક બાબતોને ઊંડાણપૂર્વક સમજી શકશો.
સિંહ (મ,ટ) : વેપારીવર્ગ ને રહે, નવી દિશાઓ ખુલતી જણાય, પ્રગતિ થાય, નોકરિયાતવર્ગ માટે પણ પ્રગતિકારક સમય.
કન્યા (પ ,ઠ ,ણ ) : ધ્યાન યોગ મૌન થી લાભ થાય,દાન ધર્મ કરી શકો,આધ્યાત્મિક ચિંતન થાય,શુભ દિન.
તુલા (ર,ત) : દૂર દેશ થી સારા સમાચાર મળે, લાગણી ની વાત વ્યક્ત કરી શકો, સારો પ્રતિભાવ પ્રાપ્ત કરી શકો, દિવસ આનંદદાયક રહે.
(ન ,ય ) : દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ટીમવર્કથી સારું પરિણામ મેળવી શકો.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ) : તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં ધ્યાન રાખવું, લાઈફસ્ટાઈલમાં ફેરફાર કરવા પડે ,મધ્યમ દિવસ.
મકર (ખ ,જ ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય, વિશેષ પ્રતિભા કેળવી શકો.
કુંભ ,સ,શ ) : કોર્ટ કચેરી માં રાહત થાય, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નવી ઓળખાણોની મદદ થી કાર્ય સિદ્ધ થાય, પ્રગતિકારક દિવસ રહે.
મીન (દ ,ચ ,ઝ ,થ) : સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, તમારું કૌશલ્ય દેખાડી શકો અને આગળ વધી શકો.

# કોડીનાર તાલુકાની માસુમ બાળકી પર દુષ્કર્મ આચરી હત્યાના બનાવમાં ફાંસીની સજા

## એસઆઇટીએ ૨૫ દિવસમાં તપાસ પુર્ણ કરી ચાર્જસીટ કરી હતી તે કેસનો ચુકાદો આવ્યો

અમરેલી,રાજ્યમાં બાળકીઓ પર થતા દુષ્કર્મ અને હત્યા જેવા ગુનાઓ પર સદંતર અંકુશ લાવવા આવા નરાધમ તત્વો સામે ખૂબ જ ઝડપી અને અસરકારક કાર્યવાહી કરી કડકમાં કડક સજા કરાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચનાથી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આવા કેસોમાં ગુજરાત પોલીસને તે પ્રકારની સઘન કાર્યવાહી કરવા આદેશો આપેલા છે. એટલું જ નહિ, આ પ્રકારના ગંભીર અને સંવેદનશીલ કેસમાં બારીકાઈથી તપાસ હાથ ધરી તમામ આનુષંગિક વૈજ્ઞાનિક અને સાંયોગિક પુરાવાઓ એકત્ર કરી દોષિતોને ફાંસી સુધીની સજા થાય તેવું ઈન્વેસ્ટીગેશન કરવા સૂચનાઓ આપવામાં આવી છે. ત્યારે તા.૧૨મી જૂન ૨૦૨૨ના રોજ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાની ૮ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ આચરી તેણીની હત્યા કરી દેનાર એક નરાધમને ફાંસીની સજા થવા પામી છે. આ પ્રકારની કડક કાર્યવાહી થકી, ગુનાહિત માનસિકતા ધરાવતા તત્વો સામે રાજ્ય સરકારે આવા નરાધમોને ચેતવણીનો સ્પષ્ટ સંદેશ આપ્યો છે. ગીર સોમનાથ જિલ્લાની કોડીનાર તાલુકાની ૮ વર્ષની બાળકી પર દુષ્કર્મ અને ત્યાર બાદ તેણીની હત્યાનો બનાવ બનતા આ બનાવની ગંભીરતાને આધારે મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્ય મંત્રીએ ઉચ્ચ પોલીસ અધિકારીની બનેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ની રચના કરી હતી. આ સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમે એફએસએલની મદદ લઈ તમામ સાંયોગિક પુરાવા એકઠા કરી ૨૫ દિવસમાં તપાસ પૂર્ણ કરીને ચાર્જશીટ કરી હતી. આ કેસ નામદર કોર્ટમાં ચાલી જતા નરાધમને ફાંસીની સજા ફરમાવી છે. એટલું જ નહિ, બાળકીના પરિવારને ૧૭ લાખ વળતર ચૂકવવા આરોપીને આદેશ કર્યા છે. દુષ્કર્મ આચરનાર નરાધમને મળેલી કડક એવી ફાંસીની સજાથી માસૂમ દીકરીના પરિવારજનોને રાજ્ય સરકારે આપેલી બાહેધરી અને ગૃહમંત્રીએ આપેલું વચન આજે પૂર્ણ થયું છે અને સાધુ સમાજની દીકરીને ન્યાય મળ્યો છે.

## કમરમાં દુખાવો થતાં સારવાર માટે પતિ માટે પૈસા માંગતા

# ખાંભાના ચતુરી ગામે પરિણીતા ઉપર હુમલો

## પતિએ પાઇપ અને ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

ખાંભા તાલુકાના ચતુરી ગામે રહેતી સોનીબેન બાબભાઈ લાડુમોર ઉ.વ.૩૮ને કમરમાં દુખાવો થતો હોય અને તેઓને સારવાર માટે પૈસાની જરૂર હોય જેથી પતિ પાસે પૈસાની માંગણી કરતાં સારૂ નહીં લાગતાં ગાળો બોલી શરીરે અને વાંસામાં ઢીકાપાટુનો મુંઢ મારમારી માથામાં પાઈપ મારી કાનથી ઉપરના ભાગે ઈજા કરી ટાંકા લાવી આ બનાવ બાબતે કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ઘર પાસે ગટરનું ખરાબ પાણી આવતાં આડી પાળી કરતાં

# જાફરાબાના કડીયાળીમાં યુવતિ ઉપર હુમલો

## મહિલા સહિત ચારે ધોકા અને છુટા પથ્થર વડે મારમાર્યો

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામે રહેતી ચકુબેન જગુભાઈ મકવાણા ઉ.વ.૨ ઉના પાડોશમાં રહેતાં ઘરનું ગટરનુ ખરાબ પાણી ફળીયામાં આવતાં આડી પાળ કરતાં સામાવાળાઓને સારૂ નહીં લાગતાં બાલા મેઘાભાઈએ ગાળો બોલી ધમકી આપી છુટા પથ્થરનો ઘા મોઢાના ભાગે મારી ગાલ ઉપર ચાર ટાકા આવે તેવી ઈજા કરી માલુબેન મેઘાભાઈએ ગાળો બોલી મેઘાએ લાકડાના ધોકા વડે મારમારી હંસાબેન બાલાભાઈએ ધકો મારી પછાડી ઢીકાપાટુ વડે મારમારી એકબીજાએ મદદગારી કર્યાની જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલા અને સલડી, રાભડામાં મોબાઇલ ચોરાયાની પોલીસમાં રાવ

## સાવરકુંડલા, લીલીયા, દામનગરમાં અલગ અલગ ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લાના સાવરકુંડલા જેસર રોડ પર કૃષ્ણકુંજ સોસાયટીમાં રહેતા હિતેષ ધીરજલાલ કુબાવતના પેન્ટના ખીસામાંથી વીવો કંપનીનો રૂા.૨૭,૯૬૫ની કિંમતનો મોબાઈલ પડી જતાં કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. બીજા બનાવમાં લીલીયા તાલુકાના સલડી ગામે અમરેલી માણેકપરામાં રહેતા ધારાબેન રાહુલભાઈ પટેલ હાલ સલડીના મકાન બહાર ઓટા પર પડી રહેલો આઈફોન રૂા.૫૦,૦૦૦ની કિંમતનો કોઈ ચોરી ગયાની લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે દામનગરના રાભડા ગામે દામનગર રહેતાં ફિરોજભાઈ અબ્દુલભાઈ માળવીયાના ખીસામાંથી વિવો કંપનીનો મોબાઈલ રૂા.૧૫,૪૯૯ની કિંમતનો પડી જતાં કોઈ ચોરી ગયાની દામનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## પહેલા પાનાનું

### મહિલાઓનો ઘેરાવ

પાણી ભરાયાં હતાં ત્યારે અહીંના રહીશોના ઘરોમાં પણ ત્રણથી ચાર ફૂટ જેટલા પાણી ઘુશી ગયા હતા. જ્યારે આ વિસ્તારમાં પાણી ના નિકાલના અભાવે હજુ સુધી પાણી ભરેલા છે. ત્યારે અહીંના લોકોની વેદના ખૂબ દયનીય બની ગઇ છે. જ્યારે અહીંયા રહેતા રહીશોને પૂછતા તેમણે જણાવ્યું અમારે દર વર્ષે આવીજ સમસ્યાનો સામનો કરવો પડે છે. જ્યારે અમારા વિસ્તારમાં ચાલવા માટે ૨૫ ફૂટ પહોળો રસ્તો છે પરંતુ જે રસ્તો કાચો અને માટીથી બનાવેલ છે જેથી વરસાદ આવતા જ આ રસ્તો પાણી ના લીધે ધોવાય જાય છે અને પાણીમાં ગરકાવ થઈ જાય છે. જેથી અમારે અમારા ઘરમાંથી બહાર પણ ખૂબ મુશ્કેલ બની જાય છે. જ્યારે અમારા બાળકોને ભણવા માટે પણ મૂકવા જવા માટે તેડીને જવું પડે છે જેથી ક્યારેક પાણી વધારે પ્રમાણમાં હોવાથી અમારા બાળકો ભણવા પણ નથી જઈ શકતા. તેથી તેના ભણતર પર પણ ખૂબ મોટી અસર કરે છે. અમારે ઘરની બહાર નીકળવા માટે પણ એકબીજા સહારો લયને નીકળવું પડે છે.

જ્યારે આ પાણીનો કોઈ પણ નિકાલ ના હોવાથી કેટલા દિવસો સુધી અમારી પરિસ્થિતી આવીજ રહે છે જેના લીધે અહીંયા મચ્છરોનો પણ ખૂબ ઉપદ્રવ વધતો જાય છે અને બીમારીના ખાટલા પણ લગભગ ઘરે ઘરે જોવા મળે છે. તો આવી વિકટ પરિસ્થિતિમાં પણ તંત્ર દ્વારા કોઈ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી ના હોવાથી અમારી છેલ્લા ૫ વર્ષથી આવીજ પરિસ્થિતીમાં રહેવા મજબૂર બનવુ પડે છે. તો પાલિકા દ્વારા આ કાચા રસ્તા ઉપર ગોરમતું નાખવામાં આવે અને કતો આ રસ્તાને પાક્કો કરવામાં આવે જેથી આ રસ્તો ઊચ્ચો આવે એટલે મહદ અંશે આ મારી સમસ્યાનું નિરાકરણ આવે જેથી અહીંયા રહેતા બીમારીથી બચી શકે. પાલિકા દ્વારા મશ મોટી વિકાસની વાતો કરી રહ્યા છે ત્યારે આવા વિસ્તારમાં વિકાસ તો ઠીક પણ લોકોને જીવના જોખમે રહે છે. તેવા વિસ્તારની મુલાકાત લઈને તેના ઉપર કાર્યવાહી હાથ ધરવામાં આવે અને અહીંયા રહેતા રહીશોને આ પરિસ્થિતિ માંથી બહાર કાઢે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

## છેલ્લા પાનાનું

### કમોતના ૬ બનાવો

જતાં પડી જવાથી માથામાં ગંભીર ઈજા થતાં મોત નિપજયાનું પુત્ર ગૌતમભાઈ બાબુભાઈ કાવઠીયાએ બાબરા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. ચોથા બનાવમાં સાવરકુંડલા તાલુકાના ભમ્મર ગામે રહેતાં સંજયગીરી તીરથગીરી ગોસાઈ ઉ.વ.૩૮ વિજપડી ગામે રાજુલા ગામ તરફ જતાં રોડ ઉપર બજરંગ કિરાણા સ્ટોરની સામે કેશુભાઈ મેઘજીભાઈ વાળા રહે. ભમ્મર વાળાની છકડી રીક્ષા પડેલ હોય તેમાં સામાન ભરતાં હોય અને રીક્ષા બંધ હાલતમાં હોય તેમાં સંજયગીરી બેસેલ હોય અને તેમને એકાએક ચકકર આવતાં રીક્ષામાંથી નીચે પડી જતાં માથામાં ગંભીર ઈજા થતાં દવાખાને ખસેડાતાં સારવાર દરમિયાન મોત નિપજયાનું પિતા તીરથગીરી ઈશ્વરગીરી ગોસાઈએ સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે પાંચમાં બનાવમાં વડીયાના મોટા ઉજળા ગામની સીમમાં એમપીના શ્રમિક મહિલા ચિરણી ભુરૂ વાલસિંહ સિંગાડ ઉ.વ.૨૮એ તેના પિતાને પતિએ એકવર્ષ પહેલા રૂા.૧૦ હજારની મદદ કરેલ તેમાંથી ૫ હજાર પરત આપેલ અને બાકીના પાંચ હજાર ઉઘરાણી કરવા પોતે જતાં તેના પિતાને સારૂ નહીં લાગતા ઉશ્કેરાઈ કહેલ કે તું મારી દિકરી નથી અને તું મારો જમાઈ નહી હવે પછી મારા ઘરની ડેલીએ પગ મુકતાં નહીં તેવું કહેતાં મરણજનારને લાગી આવતાં ચુંદડીએ ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું પતિ ભુરૂ વાલસિંહ સિંગાડે વડીયા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. છઠ્ઠા બનાવમાં સાવરકુંડલા તાલુકાના બોઘરયાણી ખોડિયાર મંદિર પાસે સાવરકુંડલા કેવડાપરમાં રહેતાં કાળુભાઈ મંગળદાસ રાઠોડ ઉ.વ.૪૦ છેલ્લા પાંચેક મહિનાથી માનસિક બિમાર હોય અને એકલવાયુ રખતું ભટકતુ જીવન જીવતાં હોય જમને બોઘરયાણી ખોડિયાર મંદિર પાસે આવેલ નદીના પાણીમાંથી લાશ મળતાં તેઓ પાણીમાં ડુબી જવાથી મોત નિપજયાનું નરસિંહદાસ મંગળદાસ રાઠોડે સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## સાવરકુંડલા પોલીસે ટેકનીકલ તથા હ્યુમન સોર્સની મદદથી

# ચોરાયેલ મોબાઈલ સાથે આરોપી હરદ્વારગીરી મેહુલગીરીને પકડી પાડ્યો

## ૨૫૯૯૯ની કિંમતનો મોબાઈલ સાથે ટાઉન પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીને હરદ્વાર ગોસ્વામીને ઝડપી પાડ્યો



અમરેલી, ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા દાખલ થયેલ મોબાઈલ ચોરીના ગુન્હામાં ટેકનીકલ તથા હ્યુમન સોર્સની મદદથી હરદ્વારગીરી મેહુલગીરી ગોસ્વામી રહે. ખોડીયારનગર નેસડીરોડ નામના ઈસમને ચોરીમાં ગયેલ મોબાઈલ સાથે ગણતરીના કલાકોમાં પકડી પાડી અન્ડીટેકટ ગુન્હો ડીટેકટ કરતી સાવરકુંડલા ટાઉન પોલીસ ટીમ સાવરકુંડલા ડીવીઝન મદદનિશ પોલીસ અધિક્ષક વલયવૈદ્ય દ્વારા સાવરકુંડલા ડીવીઝન માંથી થયેલ ગુન્હાઓમાં આરોપીઓને પકડી પાડી નાગરિકોના ચોરાયેલ વાહન, મોબાઈલ ફોન તેમને પાછા મળે માટે જરૂરી કાર્યવાહી કરવા તેમજ સાવરકુંડલા ડીવીઝનમાં બનતા મિલ્કત સબંધિત ગુન્હાઓ ડીટેકટ કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ જે અન્વયે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ડી.કે.વાઘેલાની સુચના અને માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની ટીમ ટેક્નિકલ તથા હ્યુમન સોર્સની મદદથી ચોરીમાં ગયેલ મોબાઈલ સાથે હરદ્વારગીરી મેહુલગીરી ગોસ્વામી ઉ.વ.-૨૦ને પકડી પાડી ઈસમ વિરુદ્ધ સાવરકુંડલા ટાઉન પોલિસ સ્ટેશનમાં ભ.ન્ય.સ.ના. એક્ટ કલમ ૩૦૩(૨) મુજબ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ પકડાયેલ આરોપી હરદ્વારગીરી મેહુલગીરી ગોસ્વામી ઉ.વ.૨૦ ધંધો અભ્યાસ રહે. નેસડીરોડ, ખોડીયારનગર, સાવરકુંડલા પાસેથી ચોરીમાં ગયેલ મોબાઈલ વીવો કંપનીનો ફરટી કાળા તથા મરૂન કલરનો જે મોબાઈલ ફોન જેમની કિંમત ૨૫૯૯૯ રૂપિયા ના મોબાઈલ સાથે પકડી પાડેલ આ કામગીરી સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ડી.કે.વાઘેલા, હેડ કોન્સટેબલ અમાનભાઈ યાસીનભાઈ, ધર્મેશભાઈ વશરામભાઈ, મુકેશભાઈ વિષ્ણુભાઈ, ગીરીશભાઈ વાલજીભાઈ દ્વારા કરવામાંઆવેલ.

# ખાંભા નજીક ડેડાણમાં સગીરાનું વાલીપણામાંથી અપહરણ કરાયું

## મહુવાનો શખ્સ લલચાવી ફોસલાવી અપહરણ કરી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

ખાંભા તાલુકાના ડેડાણ ગામે રહેતી સગીરાને મહુવાના વિપુલ ગોરધનભાઈ સોલંકી લગ્ન કરવા તથા બદ ઈરાદે લલચાવી ફોસલાવી વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયાની સગીરાના પિતાએ ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## રાજુલાના કડીયાળી ગામે યુવાન ઉપર હુમલો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) રાજુલા તાલુકાના કડીયાળી ગામે નરેશભાઈ ભીખાભાઈ બગડા ઉ.વ.૨૯ માવો ખાઈને ઘરે જતાં હોય ત્યારે વગર વાંકે હિંમત નારણભાઈ નાવર તથા ભાણીબેને તેમના ઘરે જઈ ગાળો બોલી ડાબા હાથે આંગળીમાં ખંભા ઉપર તેમજ હાથે અને પગે લાકડી વડે મારમારી મુંઢ ઈજા કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીના કેરિયાનાગસમાં બે પાડોશીઓ વચ્ચે મારામારી

## છરી, કુહાડી વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલી તાલુકાના કેરિયાનાગસ ગામે હાર્દિકભાઈ ઉર્ફે સંજયભાઈ જેઠાભાઈ મેરિયા ઉ.વ.૨૬ તથા આરોપીઓનું મકાન બાજુ બાજુમાં આવેલ હોય અને આરોપીઓ ફરિયાદીના સ્લેબ ઉપર દિવાલ ચણતાં હાર્દિકભાઈના માતાએ ત્યાં નહીં દિવાલ ચણવાનું કહેતાં ઠપકો આપવા જતાં નાનજી, પુંજીબેન નાનજીએ ગાળો બોલી નિલેષ નાનજીભાઈ, હર્ષદ નાનજીભાઈએ આવી જઈ ગાળો બોલી નીચે પછાડી ઢસડી નિલેશે છરી વડે વાંસામાં મારી હર્ષદે કુહાડીનો ઉંધો ઘા માથામાં મારી મુંઢ ઈજા કરી ધમકી આપ્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જયારે સામાપક્ષે નિલેષભાઈ નાનજીભાઈ મેરીયાને સંજય જેઠાભાઈ મેરિયાએ મનદુઃખ રાખી તેના ઘરે જઈ છરી વડે નિલેષભાઈને તથા તેના પરિવાર જનોને ગાળો બોલી નિલેષભાઈને ગુપ્તી વડે હોઠના ભાગે મારમારી ઈજા કરી ધમકી આપ્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## રાજુલામાં ઘર પાસે પાર્ક કરેલ બાઇક ચોરાયું

અમરેલી, રાજુલામાં રહેતાં મહેન્દ્રભાઈ પરશોતમભાઈ કાચરીયા ઉ.વ.૨૫એ તેના ઘર બહાર પાર્ક કરેલ હોન્ડા સ્પ્લેન્ડર જી જે ૧૪ એઆર ૦૫૧૬ રૂા.૪૮,૦૦૦ની કિંમતનું કોઈ ચોરી ગયાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલાથી જુના ધજડી રોડની સીમમાં મોટરનો કેબલ વાયર ચોરાયો

અમરેલી, સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલાથી જુના ધજડી રોડની સીમમાં જીવનભાઈ કશરનભાઈ નાકરાણીના ખેતરમાં સ્ટારથી બોર સુધી ૬૦ ફુટ જેટલો કેબલ વાયર નાખેલ તેમજ સ્ટાર્ટથી કુવાની મોટર સુધી ૧૫૦ ફુટ કેબલ વાયર રૂા.૬ હજારની કિંમતનો કોઈ કાપીને ચોરી ગયાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## નદીના પુલ પાસે કચરો નાખી પરત ફરતાં

# ખાંભાના જામકામાં પરિણીતા ઉપર નિર્લજજ હુમલો કરાયો

## ગામના જ શખ્સે નિર્લજજ હુમલો કરી મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

ખાંભા તાલુકાના જામકા ગામે રહેતી પરિણીતાને નદીના પુલના કાંઠા પાસે કચરો નાખી પરત આવતી હતીં. ત્યારે તેના જ ગામના ભુપત નથુભાઈ સરવૈયાની પાછળ અવાજ કરતાં અવાજ સાંભળ્યા વગર ચાલવા લાગતા આરોપી પાછળ આવી નિર્લજજ હુમલો કરી ડાબો હાથ મરડી છુટા પથ્થરનો ઘા કરતાં ડાબા પગની ઘુટી પાસે લાગી જતાં મુંઢ ઈજા થયેલ જેથી પરિણીતા ઘરે જતાં રહેલ અને આરોપીએ તેના ઘરે જઈ ઢીકાપાટુનો મુંઢ મારમારી ગાળો બોલી પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૮૫૮ થી ૧૫૪૪ મગફળી ૧૧૭૬ થી ૧૨૪૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૮૨-૧૧૯૯
શિંગમોટી-૧૧૭૬-૧૨૪૦
મગ-૧૬૨૯-૧૬૨૯
તલસફેદ-૧૯૨૦-૨૭૫૦
તલકાળા-૨૪૦૦-૩૫૨૫
એરંડા-૯૭૦-૧૧૫૭
ઘઉંટુકડા-૪૭૬-૫૯૬
ઘઉંલોકવન-૪૮૬-૫૭૨
રાય--
ચણા-૧૧૭૮-૧૩૧૨
કપાસ-૮૫૮-૧૫૪૪
જુવાર-૪૬૦-૭૭૯
જીરૂ--
ધાણા-૧૧૦૫-૧૨૧૫
સોયાબીન-૮૧૬-૮૨૬
મેથી--
રજકાનુંબી-૩૪૨૫-૪૮૫૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૧૦-૫૪૦
રીંગણા-૧૫૦-૨૫૦
ફ્લાવર-૪૦૦-૫૦૦
કોબીઝ-૫૦૦-૬૦૦
ટમેટાં-૮૦૦-૧૨૦૦
ફોદીનો-૧૨૦૦-૧૩૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૩૦૦-૪૦૦
કાકડી-૨૫૦-૪૦૦
ગુવાર-૧૪૦૦-૧૬૦૦
દુધી-૨૦૦-૨૫૦
તુરીયા-૫૦૦-૭૦૦
ભીડો-૫૦૦-૭૦૦
આદુ-૧૨૦૦-૧૪૦૦
કોથમીર-૮૦૦-૧૦૦૦
મેથીભાજી-૭૦૦-૮૦૦
ટીંડોરા-૪૦૦-૫૦૦
લીમડોમીઠો-૧૨૦-૧૮૦
મરચાલીલા-૬૦૦-૮૦૦
લસણસુકું-૨૦૦૦-૩૦૦૦
લીંબુ-૬૦૦-૮૦૦
પાલક-૭૦૦-૮૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૧૩-૫૧૮
જુવાર-૬૦૧-૮૦૯
અડદ--
શીંગદાણા-૧૬૬૦-૧૬૬૦
ઘઉંટુકડા-૪૬૨-૫૧૪
તલસફેદ-૨૪૦૧-૨૪૮૧
કપાસ--
બાજરો-૪૧૩-૫૧૮
મગ-૧૬૦૦-૧૬૦૦
ચણા-૧૨૨૫-૧૨૮૦
સોયાબીન-૮૪૦-૮૪૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૭૬-૬૦૧
ડુંગળીલાલ-૧૦૯-૫૬૩
મગ-૧૫૪૦-૧૫૪૦
તલસફેદ-૨૨૦૦-૨૫૮૧
જીરૂ-૩૫૬૫-૩૫૬૫
અજમા-૨૩૫૦-૨૩૫૦
ચણા-૧૦૩૨-૧૩૩૬
નાળીયેર-૬૦૩-૧૭૯૭
એરંડા-૯૩૦-૯૩૦
બાજરી-૩૫૧-૫૨૫
જુવાર-૪૦૧-૮૭૦

**બાબરા**
કપાસ-૧૨૭૦-૧૫૪૦
ઘઉં-૪૫૧-૫૪૫
તલસફેદ-
જીરૂ-૩૪૦૦-૪૯૧૫
મગફળી-૧૦૦૦-૧૬૫૦
બાજરો-

**ધારી**
કપાસ-૧૨૦૦-૧૨૫૦
ધાણા-
મગફળી--
બાજરો-
શીંગફાડા-
મેથી-
ચણા-
તુવેર-
ઘઉં-૫૧૦-૫૧૦
સોયાબીન-૭૬૫-૭૬૫

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૨૧૧-૧૨૪૦
શીંગદાણા---
જીરૂ-૪૭૦૦
તલસફેદ-૨૨૦૦-૨૪૯૦
કપાસ-૧૦૫૦-૧૫૪૦
ઘઉંલોકવન-૪૮૦-૫૨૬
મગ-૧૫૦૦-૧૫૭૬
ઘઉંટુકડા-૪૮૧-૫૫૨
ચણા-૧૦૬૨-૧૨૦૫
તુવેર--
સોયાબીન-
બાજરો-૪૦૦-૫૦૮
જુવાર-૭૭૦

**ખાંભા**
કપાસ-૧૧૩૧-૧૩૬૦
જુવારપીળી-
ચણા-
ઘઉં-
ધાણા-
શીંગદાણા-
મગફળી-

**બગસરા**
કપાસ--

મેથી-૮૫૦-૮૫૦
ચણા-૯૯૫-૧૨૫૦
શીંગફાડા-
શીંગદાણા-૧૪૮૦-૧૫૧૫
ઘઉંટુકડા-૪૮૦-૫૨૩
ઘઉંલોકવન-૪૮૨-૫૩૪
બાજરો--
તલસફેદ-૨૩૫૦-૨૩૨૫
મગ--
સોયાબીન-૮૦૩-૮૧૫
તુવેર-૧૪૦૦-૧૪૦૦
અડદ-

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૧૦૦૦-૧૫૦૦
દાડમ-૫૦૦-૨૪૦૦
મુસંબી-૭૦૦-૧૦૦૦
સંતરા-૧૪૦૦-૨૦૦૦
કીવી-૫૦૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૨૬૦૦
અનાનસ-૧૩૦૦-૧૬૦૦
ખારેક-૪૦૦-૧૦૦૦
કેળા-૨૮૦-૩૭૦
પોપૈયા-૬૦૦-૧૦૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૩૦૦૦-૩૮૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૦.૪
ન્યુનતમ તાપમાન ૨૬.૨
ભેજનું પ્રમાણ ૯૦
પવનની ગતિ સરેરાશ ૩.૩

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક: મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪




શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ ક્લોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૬) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## અમરેલી સંસદીય મત વિસ્તારના ભાજપના શ્રી ભરતભાઇ સુતરીયાનો ભવ્ય વિજય થતાં

# લીલીયામાં સાંસદશ્રી સુતરીયાનો સન્માન સમારોહ યોજાયો

**સન્માન સમારોહમાં શ્રી મહેશભાઇ કાસવાલા, સરપંચશ્રી જીવનભાઇ વોરા, શ્રી જે.વી. કાકડીયા, શ્રી કૌશિકભાઇ વેકરીયા, શ્રી જનકભાઇ તળાવીયા સહિતની ઉપસ્થિતિ**

**લેઉવા પટેલ સમાજ વાડી ખાતે લીલીયા તાલુકા ભાજપ પરિવાર અને ગ્રામ પંચાયત સરપંચ દ્વારા થયેલું આયોજન : દેશના પુર્વ રાષ્ટ્રપતિ ડો. કલામને શ્રધ્ધાંજલી પાઠવી**



લીલીયા, (મહેશ દવે)

લીલીયામાં લેઉવા પટેલ સમાજ વાડી ખાતે તાલુકા ભાજપ પરિવાર અને ગ્રામપંચાયતશ્રી સરપંચ જીવનભાઇ વોરા અને સાંસદશ્રી ભરતભાઇ સુતરીયાનો સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે સાંસદશ્રી ભરતભાઇ સુતરીયા, શ્રી કૌશિકભાઇ વેકરીયા, શ્રી મહેશભાઇ કસવાલા, શ્રી જનકભાઇ તળાવીયા, શ્રી જે.વી. કાકડીયાના વરદ હસ્તે ભોજલરામ બાપાની પ્રતિમાને ફુલહાર કર્યા બાદ દિપ પ્રગ્ટય થયું હતું. આ પ્રસંગે ૧૧માં રાષ્ટ્રીય ડો. એ.પી.જે. અબ્દુલ કલામની પુણ્યતિથી નિમિતે શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. બ્રહદગીર સૌથી શકિતશાળી ભગતસિંહનું રેલ્વે અકસ્માતમાં મૃત્યુ થતાં બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપી હતી. અને દુઃખ વ્યકત કર્યો હતો. તાલુકા ભાજપ પ્રમુખ શ્રી ભનુભાઇ ડાભીએ સ્વાગત કર્યુ હતું. તાલુકા ભાજપના જીવનભાઇ વોરા અને સાંસદશ્રી, ધારાસભ્યો અને મહેમાનોને પુષ્પહાર કાપડની થેલીથી સન્માનિત કર્યા હતાં. સરકારની સિધ્ધીઓ વર્ણાવી ભાજપના કાર્યકરોની કામગીરી બિરદાવી હતી. આ પ્રસંગે મેહુલભાઇ ધોરાજીયા, ભાવેશભાઇ રાદડીયા, ભીખુભાઇ દુધાત, ભીખાભાઇ ધોરાજીયા, કાનજીભાઇ નાકરાણી, રાશિભાઇ ડેર, જીવનભાઇ વેકરીયા અને આગેવાનો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં. વાલમિકી સમાજની દિકરી દિવ્યાબેન વાળાએ એમબીબીએસની ડિગ્રી મેળવી તે બદલ સન્માન કર્યુ હતું. કાર્યક્રમ સફળ બનાવવા બાલાભાઇ મેઘાણી, તુષારભાઇ ધોરાજીયા, રાજુભાઇ શિક્ષકે જહેમત ઉઠાવી હતી.

## કાઠી ક્ષત્રિય સમાજનું ગૌરવ

# ધારીના દહિડા ગામના રાજેશ્વરીબેન વાળાએ ફિલીપાઇન્સમાં એમબીબીએસની ડિગ્રી મેળવી

**સમગ્ર કાઠી સમાજ દ્વારા ભારે ખુશી વ્યકત કરાઇ**



ચલાલા, (પ્રકાશ કારીયા)દ

ારી તાલુકાના માત્ર ૮૦૦ વસ્તી ધરાવતા દહિડા ગામના રાજેશ્વરીબેન મધુભાઇ વાળાએ ફિલીપાઇન્સમાં એમબીબીએસની ડિગ્રી મેળવી સમગ્ર કાઠી ક્ષત્રિય સમાજનું ગૌરવ વધાર્યુ છે. નાના એવા પરિવારમાં મધુભાઇ ગોદડભાઇ વાળા દહિડામાં ખેતી કરી ગુજરાન ચલાવે છે. દિકરી રાજેશ્વરીબેન અભ્યાસમાં તેજસ્વી હતા. તેથી વધુ સારો અભ્યાસ કરી શકે તે માટે પરિવાર સાથે સુરત વસવાટ કરેલો એ સમયે કાઠી સમાજની બહેનોને અભ્યાસ માટે મુશ્કેલ બનતું પણ સમય સાથે પરિવર્તન થતાં હવે કૌશલ્ય દાખવી રહેલ છે. હાલ ભાઈઓ બહેનો ઉચ્ચ અભ્યાસ સાથે ડિગ્રી મેળવી રહ્યા છે. રાજેશ્વરીબેન વાળાએ સુરત અભ્યાસ કર્યા બાદ ડિગ્રી માટે ચાર વર્ષ ફિલીપાઇન્સ ગયા હતાં, અને એમબીબીએસ કરી સફળતા મેળવી છે. વાળા પરિવાર દહિડાએ કાઠી ક્ષત્રિય સમાજનું ગૌરવ વધારતાં શ્રી જેન્તીભાઇ પાનસુરીયા, નજુભાઇ વાળા, મધુભાઇ વાળા, પ્રકાશભાઇ કારીયા, મહેન્દ્રભાઇ સાદરાણી, ભયલુભાઇ વાળા સહિતે આ સિધ્ધી બદલ રાજેશ્વરીબેનને અભિનંદન પાઠવી આનંદની લાગણી વ્યકત કરી હતી.

## જનતાનું કોઇક તો સાંભળો !

# વડિયાની બજારના દબાણો હટાવી કાયમી ટ્રાફિકની સમસ્યાઓમાંથી મુક્તિ અપાવો

**ચાલુ વર્ષોમાં દબાણો ઘટવાને બદલે વધતા જ જાય છે, લૂંટ સકો તો લૂંટ લો જેવી સ્થિતિ સર્જાઇ**

વડિયા (ભીખુભાઇ વોરા) અમરેલી જિલ્લાના અંતરિયાળ ગણાતા એવા છેલ્લા ગામ વડિયાની મુખ્ય બજારમાં પ્રતિદિન ગેરકાયદેસર બાંધકામ અને રોડ પર ના છપરાનુ પ્રમાણ વધતા મુખ્ય બજારની પહોળાઈ સતત ઘટતી જાય છે. છેલ્લા ટૂંકાસમય માં અનેક નવા બાંધકામ, છાપરાઓ બંધાયા છે તેને કારણે રોડ પરની સરકારી જમીનની પેશકદમીમાં સતત વધારો થઇ રહ્યો છે તેથી મુખ્ય બજારમાં ટ્રાફિક ની સમસ્યાઓએ જન્મ લીધો છે. આ બાબતે થોડા પેહલા મીડિયા અહેવાલ પ્રસિદ્ધ થયો હતો અને તેના પરિણામે સ્થાનિક સ્થાનિક તંત્ર જાગ્યુ હોય તેવુ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતુ તેમા મામલતદાર ઓફિસ માં અધિકારીઓની એક મિટિંગ પણ ખાનગી રાહે યોજાઈ હોવાનુ જાણવા મળ્યું હતુ પરંતુ તેનું કોઈ કારણો સર પરીણામ શૂન્ય જોવા મળ્યું હતુ ત્યારે પ્રજાનું કોઈ સાંભળવા જ ના હોય તેવું જોવા મળ્યું હતુ. હાલ મંગળવારના દિવસે ભરપૂર ટ્રાફિક ના પ્રશ્નથી લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે ત્યારે રાજકારણ થી પર ઉઠી લોકોની રોજગારી ના છીનવાઈ તે રીતે પ્રાંત અધિકારી, મામલતદાર, ટીડીઓ અને પોલીસ આગળ આવી આવા દબાણો દૂર કરે તેવી લોકો અપેક્ષાઓ સેવી રહ્યા છે તેનું મુખ્ય આ મુખ્ય બજાર જેતપુર જવાનો મુખ્ય માર્ગ હોવાથી દવાખાનાના કામે જતા લોકો ને પણ પારાવાર મુશ્કેલીઓ સર્જાઈ રહી છે ત્યારે સ્થાનિક પ્રજા હવે તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને હવે તો કોઈ સાંભળો એવા પ્રશ્નો કરતી હોય તેવુ જાણવા મળી રહ્યું છે ત્યારે આ દબાણો દૂર કરવાની ફરજ વડિયા ગ્રામપંચાયત, મામલતદાર અને પોલીસ ની બનતી હોય તે આગળ આવી આવા ખોટા નડતર રૂપ તમામ દબાણો દૂર કરે તેવી માંગ સ્થાનિક પ્રજા કરી રહી છે. આ મીડિયા અહેવાલ થી તંત્ર જાગશે કે પછી પ્રજાનું કોઈ સાંભળનાર નથી વડિયા ની પ્રજા રામ ભરોશે છે તે ઉક્તિ સાર્થક થશે.

# સોના-ચાંદીમાં કસ્ટમ ડ્યુટી ઘટવાથી જવેલરી બિઝનેસ ક્ષેત્રે નવી તકો સર્જાશે : ધર્મેશ સોની

**લાઠીના યુવાને કેન્દ્રના બજેટને આવકાર્યુ**



અમરેલી, અમરેલી જિલ્લા જવેલર્સ અગ્રણી શ્રી ધર્મેશ સોનીએ કેન્દ્રિય નાણામંત્રી શ્રી સિતારમણજી દ્વારા રજુ થયેલ સુંદર બજેટને આવકારી જણાવે છે કે સોના અને ચાંદીમાં કસ્ટમ ડ્યુટી ૧૫ ટકા થી ઘટાડી ૬ ટકા કરાતા જવેલરી સહિત ગ્રાહકોને મોટો ફાયદો થશે. કસ્ટમ ડ્યુટી સરહદો પાર માલના પરિવહન પર લાદવામાં આવે છે. તે માલની આયાત અને નિકાસ પર સરકાર દ્વારા લાદવામાં આવતો એક પ્રકારનો પરોક્ષ કર છે. ૨૦૨૪નું બજેટ લોકવિકાસ પ્રત્યે સરકાર કટિબદ્ધ છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ. બજેટમાં સોના અને ચાંદીની કસ્ટમ ડ્યુટીમાં ઘટાડા બાદ સોનું ૪૦૦૦ ચાંદી ૩૬૦૦ રૂપિયા સસ્તી થઈ છે સરકારે બજેટમાં સોના અને ચાંદીની કસ્ટમ ડ્યુટી ૧૫ ટકા થી ઘટાડી ૬ ટકા કરી છે જેના કારણે ભાવ ઘટયા છે જેથી આગામી દિવસોમાં સોના અને ચાંદીની માંગ વધશે. છેલ્લા ઘણા સમયથી સતત વધતા સોનામાં ભાવથી ગ્રાહકો ખરીદીથી દુર રહેલ પણ સરકાર દ્વારા બજેટમાં ડ્યુટીમા ઘટાડાથી લોકો ખરીદી તરફ વળશે જેથી ગ્રાહકો, વેપારીઓ અને કારીગરો માટે બજેટ લાભદાયી બની રહ્યું છે.

## શ્રી વીડી કાણકિયા આર્ટ્સ અને શ્રી એમઆર સંઘવી કોમર્સ કોલેજ ખાતે

# જિલ્લા પોલીસ દ્વારા સાવરકુંડલામાં વ્યાજખોરી નાબુદી ઝુંબેશ યોજાઇ

**ત્રણ નવા કાયદાઓની વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી**



સાવરકુંડલા, (સૌરભ દોશી)

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી.કાણકિયા આર્ટ્સ અને શ્રી એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા ખાતે અમરેલી જિલ્લા પોલીસ, સાવરકુંડલા દ્વારા વ્યાજખોરી નાબૂદી ઝુંબેશ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો પ્રારંભ સર્વ ધર્મ સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવ્યો. ત્યારબાદ કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ.સી.રવિયા મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરી પ્રાસંગિત ઉદબોધન કર્યું. સાવરકુંડલા ટાઉન પોલીસ વિભાગના પી. એસ. આઈ. શ્રી જી.એમ. જાડેજા સાહેબે ઉપસ્થિત રહી તાજેતરમાં લાગુ પડેલ ત્રણ નવા કાયદાઓની જાણકારી વિદ્યાર્થીઓને આપી. ત્યારબાદ સાવરકુંડલા ટાઉન પોલીસ વિભાગમાંથી પધારેલ શ્રી હર્ષદભાઈ ચોટલીયાએ સાયબર ક્રાઈમ જાગૃતિ, સાયબર ક્રાઈમ ફ્રોડ હેલ્પ લાઈન નંબર, મહિલા અભયમ, મહિલા સુરક્ષા માટે જીલ્લાઈ - ટીમ, ત્રણ વાત અમારી (પોલીસની) અને ત્રણ વાત તમારી વિશે વિસ્તૃત છણાવટ કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રિન્સિપાલ તથા તમામ સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

## સેવાના સરનામે ઉમળકા સાથે

# અમરેલી સારહિ તપોવન આશ્રમમાં તપસ્વીઓને ભોજન કરાવાયું

**શ્રી ચંદુભાઇ તથા ઘનશ્યામભાઇ પરિવારની ઉપસ્થિતિ**



અમરેલી,

સેવાને સરનામે –ઉમળકા સાથે તા. ૨૭-૦૭-૨૦૨૪ નાં રોજ સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીશ્રીઓની સાથે રહીને, ભોજન પ્રસાદ લઈને છૂટા પડેલ સારહી પરીવાર ના શ્રી ચંદુભાઈ રામાણી, (અમરેલી નગર પાલિકા પૂર્વ પ્રમુખ શ્રી મતી મનીષાબેન રામાણી) સહ પરિવાર, તથા શ્રી ઘનશ્યામભાઈ સહ પરીવાર ઉપસ્થિત રહેલ. આ અવસરે સારહી પરીવાર ના પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણી, સહિતના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ. સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

# સાવરકુંડલામાં નગરપાલિકા સદસ્યના ઘર પાસે ઉકરડાંનો નિકાલ કરીને સફાઇ કરવા માંગણી

**ચોરાવાડીના રહીશો દ્વારા ચીફ ઓફિસર અને પાલિકા પ્રમુખને રજુઆત કરાઇ**



અમરેલી, સાવરકુંડલાના ચોરાવાડી વિસ્તાર આસપાસ છેલ્લા કેટલાક દિવસોથી થઈ રહેલા ઉકરડાં અને કચરો તથા નિકાલ માટે શોરાવાડી વિસ્તારના રહીશ ભાઈઓ બહેનો અને શોરાવાડી સોસાયટીના પ્રમુખ બળવંતભાઈ મહેતા દ્વારા સાવરકુંડલા નગરપાલિકા ના ચિફ ઓફિસર અને પાલિકા પ્રમુખ ને નવ નિર્મિત ઉકરડા નો નિકાલ કરવા તથા સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર ચારમા આવેલ ચોરાવાડી સોસાયટીના બહાર નીકળવાના રસ્તે ઉકરડાનુ નિર્માણ થયેલ છે જે ઉકરડો સાવરકુંડલાની શોભા મા અડચણ પાડે છે સાથો સાથ રાહદારીઓને હાલવામા પણ અડચણરૂપ થાયછે તાજેતરમા ધારાસભ્ય દ્વારા સાત નવી ઘંટા ગાડીનુ લોકાર્પણ કરેલ સરકાર દ્વારા લાખો રૂપિયા ના ખર્ચા કરવા છતા ઉકરડાઓનો નિકાલ ન થાય એ શરમજનક બાબત સાવરકુંડલા નગરપાલિકા માટે કહેવાય શોરાવાડી આસપાસના આ ઉકરડાઓ નગરપાલિકા સદસ્ય દક્ષાબેન ભાવેશભાઈ કવા ઘર જ છે છતા પાલિકા સદસ્ય સફાઈ કે નિકાલ કરવામાં આવતું નથી આ બાબતે પાલિકા સદસ્ય ને અનેક વખત રજુઆત કરેલ છતા નિકાલ નથી આવેલ ફરિયાદ કરવી તો ઉકરડો ભરાવી આપે છે પણ નિકાલ કોઈ નથી કરતા નથી આથી શોરાવાડી વિસ્તારના રહીશો દ્વારા ઉકરડાનો કાયમી ઉકેલ લાવવા ચીફ ઓફીસર અને પાલિકા પ્રમુખ વોર્ડ નંબર ચારના સદસ્યો સમક્ષ કરવામાં આવી હતી.

# લીલીયામાં ડેન્ગ્યુ માસની ઉજવણી કરાઇ



અમરેલી,

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-ક્રાંકચ તળે ના લીલીયા મોટા ગામે ડેન્ગ્યુ માસ ની ઉજવણી ના ભાગ રૂપે લીલીયા મોટા ગામના પાણી ભરેલા તમામ મોટા ખાડાઓ મા ડાયફ્લોરોબેન ઝયુરોન દવાનો છંટકાવ કરવામાં આવ્યો તેમજ ચોમાસાની તુને અનુલક્ષીને ઘનિષ્ટ પોરાનાશક કામગીરી નકામા પાત્રોનો નાશ કરાયો. વાહકજન્ય રોગ જેવાકે મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ચાંદીપુરા જેવા રોગો થી બચવા લોકોને આરોગ્ય શિક્ષણ પૂરું પાડવામાં આવ્યું હતું. ગ્રામજનો ને વિનંતી કરવામાં આવી કે સ્વયં પોતે પોતાની આરોગ્યની કાળજી લઈ આજુબાજુ ના વરસાદી નાના મોટા ખાડાઓનું પાણી વહેવાડાવી દેવું અથવા માટી થી પુરાણ કરવું અને મચ્છર ઉત્પત્તિ સ્થાનો નો નાશ કરવો, પોતાના ઘરમાં રહેલા પાણી ભરેલા વાસણો ને ઢાંકીને રાખવા તથા શક્ય હોય તો મચ્છરદાની મા સુવો, રાત્રી ના સમયે તેમજ વહેલી સવારે લીમડાના પાન નો ધુમાડો કરી મચ્છરો નો નાશ કરવો. આ તમામ પ્રવૃતિઓ માટે તાલુકા આરોગ્ય અધિકારી શ્રી એમ. એ. સિધ્ધપુરાના માર્ગદર્શન તળે પ્રા.આ.કે ક્રાંકચ ના એમ.પી.એચ.એસ. બીપીનભાઈ.સી કંડોલીયા, નિલેશભાઈ. આર. વેકરિયા તેમજ એમ.પી.એચ.ડબલ્યુ. વિજયભાઈ ધાધલ ફિ.હે.વ. રાખીબેન મકવાણા આશા ફેસિલિટેટર બહેને ભારે જહેમત ઉઠાવી હતી.

## હનુમાનગાળા બચાવો અભિયાન અંતર્ગત

# કુંડલાના રામગઢના યુવાન દ્વારા અમદાવાદ થી હનુમાનગાળાની પદયાત્રા શરૂ

**અમદાવાદ રહેતા પટેલ સમાજના આગેવાન અને ઉદ્યોગપતિ રમેશભાઇ કથિરીયા દ્વારા સ્વયંભુ પદયાત્રા**

અમરેલી,

સાવરકુંડલા તાલુકાના રામગઢ ગામના વતની અને હાલ અમદાવાદ ખાતે રહેતા પટેલ સમાજના આગેવાન અને ઉદ્યોગપતિ રમેશભાઈ કથીરીયા અમદાવાદ થી હનુમાન ગાળા સુધી ની પદ કરી કરી રહ્યા છે જેઓ ચાલીને હનુમાનગાળા બચાવો અભિયાન અંતર્ગત અમદાવાદ થી ૧૮ દિવસથી પગપાળા ચાલીને સાવરકુંડલા તાલુકાના ઠવી ગામ ખાતે અશોકભાઈ ખુમાણ ના દરબાર ગઢમાં રોકાણ કર્યું પદયાત્રી રમેશભાઈ કથીરિયાનું સાવરકુંડલા તાલુકાના ગામોમાં ભારે સ્વાગત કરવામાં આવી રહ્યું છે મધ્યગીર માં જંગલ ની વચ્ચે આવેલ સુપ્રસિધ્ધ યાત્રાધામ હનુમાનગાળા તેઓ ૨૧ પહોંચશે.

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
પાના નં. ૮ તા.૩૦-૦૭-૨૦૨૪ મંગળવાર








## યમરાજાએ ડેરા તંબુ તાણ્યા હોય તેમ

# અમરેલી જિલ્લામાં ૨૪ કલાકમાં કમોતના ૬ બનાવો

### કરમદડીમાં સર્પે દંશ મારતાં વૃધ્ધાનું, ધારીમાં ઝેરી દવા પી જતાં વૃધ્ધાનું, વલારડીમાં પડી જતાં પ્રૌઢનું, ભમ્મરમાં પડી જતાં યુવાનનું, મોટા ઉજળામાં ગળાફાંસો ખાઇ જતાં પરિણીતાનું તેમજ સાવરકુંડલાના બોઘરીયાળી ખોડિયાર મંદિરે પાસે નદીમાં પ્રૌઢનું મોત નિપજ્યાનું અલગ અલગ પોલીસ મથકોમાં જાહેર

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)અમરેલી જિલ્લામાંયમરાજાએડેરાતંબુતાણ્યાહોય તેમ કમોતના વધુ ૬ બનાવો પોલીસ મથકમાં જાહેર થયાં હતાં. જેમાં ધારી તાલુકાના કરમદડી ગામે રહેતી મંજુબેન મંગાભાઈ પાટડીયા ઉ.વ. ૭૫ને પોતાના ઘરે પગથિયા ઉપર પગ મુકવા જતાં સર્પ પગનીચે કચડાતા જમણા પગે દંશ મારતાં મોત નિપજયાનું પતિ મંગાભાઈ શામજીભાઈ પાટડીયાએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. બીજા બનાવમાં ધારી મધુવન સોસાયટી રામેશ્વર નગરમાં રહેતી સરોજબેન મહેશભાઈ અગ્રાવત ઉ.વ. ૬૩ છેલ્લા ૧૫ વર્ષથી બીપીની દવા લેતા હોય અને બીપીની ટિકડીના બદલે ભુલથી ઘંઉમાં નાખવાની ઝેરી દવાની ટિકડી પી જતાં સારવાર માટે દવાખાને ખસેડાતાં સારવાર દરમિયાન મોત નિપજયાનું પુત્ર સંદિપભાઈ અગ્રાવતે ધારી પોલીસ મથકમાં જાહેર કરેલછે. બાબરા તાલુકાના વલારડી ગામે બાબુભાઈ બેચરભાઈ કાવઠીયા ઉ.વ.૫૪ વાડીએથી ઘરે ચાલીને આવતાં હોય તે દરમિયાન ગામના પાદરમાં બસ સ્ટેશન પાસે પહોંચતા ગટરમાં પગ લપસી

(અનુ. પાના નં.૪)







## સતત મેઘાવી માહોલ વચ્ચે

# અમરેલી જિલ્લામાં હળવા ભારે વરસાદનાં ઝાપટા

### શહેર અને જિલ્લાભરમાં સવારથી જ કાળા ડીબાંગ વાદળો : વાતાવરણ ટાઢુબોળ

અમરેલી,

અમરેલી શહેર અને જિલ્લામાં આજે વહેલી સવારથી જ આકાશમાં ભારે મેઘાવી માહોલ સર્જાયો હતો અને કાળા ડીબાંગ વાદળો છવાયાં હતાં. પરંતુ વાતાવરણ પ્રમાણે ક્યાય ભારે વરસાદ પડેલ નથી અને માત્ર જિલ્લામાં હળવા ભારે ઝાપટા પડ્યાંહતાં. અમરેલી ફ્લડ કન્ટ્રોલ રૂમમાં નોંધાયેલ આંકડામાં લાઠી ૩ મીમી, અમરેલી ૫ મીમી, બગસરા ૧ મીમી, જાફરાબાદ ૪ મીમી, રાજુલા ૩ મીમી વરસાદ નોંધાયો હતો.

### અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએ પાંચ વાહનચાલકો સહિત ૨૫ નસેડી ઝડપાયા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી પાંચ વાહનચાલકો સહિત ૨૫ શખ્સોને નશો કરેલ હાલતમાં પોલીસે ઝડપી પાડી જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં ધારી, મરીન પીપાવાવ, જાફરાબાદ, ચલાલા, સાવરકુંડલા, રાજુલા, સાવરકુંડલા રૂરલ, લાઠી, વંડા, અમરેલી, વડીયા, અમરેલી રૂરલ તથા નાગેશ્રી પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જયારે જિલ્લામાં જુદા જુદા આઠ સ્થળોએ પોલીસે દેશીદારૂના દરોડાઓ પાડી એક મહિલા સહિત ૬ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. જેમાં સાવરકુંડલા, મરીન પીપાવાવ, રાજુલા, સાવરકુંડલા રૂરલ, વંડા અને વડીયા પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી હતી.

